RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 319* Date: 16.09.2022, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બે વર્ષ બાદ આર્મેનિયા-અઝરબૈજાન વચ્ચે ફરી સંઘર્ષ

## આ વખતે ગેસના કારણે બંને દેશ સામસામે, લડાઈમાં ૧૦૦ સૈનિકોના મોત નિપજયાં

નાગોનો,તા.૧૫

રશિયા-યુક્રેન યુદ્ધ અને ચીન દ્વારા તાઈવાન પર હુમલાની આશંકા વચ્ચે વધુ એક યુદ્ધનું જોખમ ઉભું થયું છે. અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે સરહદ પર યુદ્ધ ચાલી રહ્યું છે. સોવિયત યુનિયનનો હિસ્સો રહેલા બે દેશો બે વર્ષ પહેલા નાગોર્નો-કારાબાખના કબજા માટે યુદ્ધ લડી ચૂક્યા છે. જેમાં અઝરબૈજાનની જીત થઈ હતી. જયારે, તાજેતરમાં નાગોર્નો-કારાબાખ અને આર્મેનિયા વચ્ચે સરહદી વિસ્તારમાં લડાઈ ચાલી રહી છે. નાગોર્નો કારાબાખ ૪૪૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. તે અઝરબૈજાનનો ભાગ માનવામાં આવે છે, પરંતુ આર્મેનિયાને ટેકો આપતા જૂથો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો.

અઝરબૈજાને આર્મેનિયા પર કારણ વગર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. દેશના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આર્મેનિયાએ સરહદી વિસ્તારોમાં ભારે તોપમારો કર્યો છે. આ હુમલાને રોકવા માટે ૫૦ જવાનો શહીદ થયા છે. જેમાં ૪૨ સૈનિકો અને ૮ સીમા સુરક્ષા દળના જવાનોનો સમાવેશ થાય છે. જ્યારે આર્મેનિયાએ કહ્યું કે અઝરબૈજાન અંધાધૂંધ બોમ્બમારો કરી સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યું છે. જેર્મુક, ગોરીસ અને કપાન શહેરો પર હુમલો કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નિકોલ પશાનિયાને જણાવ્યું હતું કે હુમલામાં અત્યાર સુધીમાં ૪૯ સૈનિકો માર્યા ગયા છે. જયારે ફાયરિંગમાં સામાન્ય નાગરિકો સહિત ૮૦ લોકો ઘાયલ થયા છે.

અઝરબૈજાનનો દાવો છે કે, માત્ર સૈન્યની છાવણી પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સામાન્ય નાગરિકો પર કોઈ હુમલો કરાયો નથી. જવાબમાં આર્મેનિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે, અઝરબૈજાનના સામાન્ય નાગરિકો પર હુમલો ન કરવાનો દાવો ખોટો છે. હુમલાના પુરાવા પણ છે. તણાવના માહોલ વચ્ચે આર્મેનિયામાં પણ અઝરબૈજાન વિરુદ્ધ પ્રદર્શનો થયા છે.નાગોર્નો-કારાબાખના કબજા માટે બંને દેશો વચ્ચે ૩૦ વર્ષથી દુશ્મનાવટ છે. ૨૦૨૦ ના યુદ્ધ પછી, આ વિસ્તાર અઝરબૈજાનના કબજામાં હતો.



આર્મેનિયાનો સૌથી મોટો સમર્થક દેશ રશિયા હાલમાં યુક્રેનથી ઘેરાયેલો છે. રશિયાએ પશ્ચિમી દેશોને ગેસ સપ્લાય બંધ કરી દીધો છે. તેમજ અઝરબૈજાન ગેસનું ઉત્પાદન કરે છે. નિષ્ણાતોના મતે, અઝરબૈજાનને લાગે છે કે તે યુરોપિયન દેશોને ગેસના આધારે આર્મેનિયાને મદદ કરવા આગળ આવતા રોકી શકે છે.

અઝરબૈજાન સામે લડવા માટે આર્મેનિયાએ રશિયા પાસેથી મદદ માંગી છે. જો રશિયા આર્મેનિયા પાસેથી સૈન્ય મદદ માંગશે તો મોટા સંઘર્ષનું જોખમ રહેશે. આર્મેનિયાના વડાપ્રધાને ખુલ્લેઆમ કહ્યું છે કે તેમનો દેશ રશિયાની સાથે છે. અઝરબૈજાનનો તુર્કી સાથે સૈન્ય કરાર છે અને તુર્કી પોતાના સૈન્ય દળ વડે ઓછા સમયમાં આર્મેનિયાને ભારે નુકસાન પહોંચાડી શકે છે. એવામાં આર્મેનિયાને રશિયાથી મદદ મળવાની શક્યતા ઓછી છે. આ દરમિયાન રશિયાના નેતૃત્વ હેઠળની સુરક્ષા સહયોગ સંસ્થા કલેક્ટિવ સિક્યુરિટી ટ્રીટી ઓર્ગેનાઈઝેશનએ આર્મેનિયાના કહેવા પર મોસ્કોમાં એક ઈમરજન્સી બેઠક કરી હતી.સીએસટીઓએ નાટો જેવું જ છે. તેના બંધારણ હેઠળ એક દેશ પર હુમલો એ બધા દેશો પર હુમલો માનવામાં આવે છે. ખાસ વાત એ છે કે, આર્મેનિયા તેનો સભ્ય દેશ છે અને અઝરબૈજાને આ સંગઠન છોડી દીધું છે.અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ એલિયેવે મંગળવારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે ફોન પર વાત કરી હતી. બંને દેશના નેતાઓએ આર્મેનિયા સાથે ચાલી રહેલા સંઘર્ષના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી એન્થોની બ્લિંકને પણ અઝરબૈજાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી છે. અઝરબૈજાનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુએસ સ્ટેટ સેક્રેટરીએ વર્તમાન પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. બ્લિંકને બંને દેશોને શાંતિ જાળવવા અને તણાવ ઓછો કરવા અપીલ પણ કરી હતી.

## નાણાંમંત્રીએ હનુમાન સાથે ભારતીય કંપનીઓની સરખામણી કરી

નવીદિલ્હી,તા.૧૫

વિદેશી કંપનીઓ ભારતમાં ધડાધડ રોકાણ કરવામાં લાગી છે પરંતુ ભારતીય કંપનીઓ મેન્યુફેકચરીગ સેકટરમાં રોકાણથી કતરાઇ રહી છે હીરો માઇડ સમિટિમાં નાણાંમંત્રી નિર્મલા સીમારમણે ભારતીય કંપનીઓની સરખામણી ભગવાન હનુમાનજીથી કરતા કહ્યું કે જેમ તેઓ પોતાની શક્તિ ભુલી ગયા હતાં તેવી જ રીતે આપણી કંપનીઓ પણ પોતાની ક્ષમતા અને શક્તિઓ પર વિશ્વાસ કરી શકતા નથી

નાણાંમંત્રીએ ભારતીય કંપનીઓને સવાલ કર્યો હતો કે જયારે વિદેશીઓને કારોબાર માટે ભારત સારી જગ્યા લાગી રહી છે તો તેમને કંઇ વાતનો ભય છે તે પોતાની ક્ષમતાને ઓળખવાનું કામ કરે તો નિશ્ચિત રીતે તેમને સફળતા મળશે.તેમનું કહેવું હતું કે ભારત માટે આ સારી તક છે.સરકાર ઇડસ્ટ્રીઝની વાતને સાંભળવા માટે તૈયાર છે આપણે આ વખતે તક ગુમાવવી જોઇએ નહીં

નાણાંમંત્રીનું કહેવુ હતું કે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જ સરકારે ટેકસ બ્રેક અને પ્રોડકશનથી જોડાયેલ ઇસેટિવ્સ (પીએલઆઇ)જેવી નીતિઓ લાગુ કરી છે.

## મુખ્યમંત્રીની ખુરશીના બદલામાં ગુજરાતને વેદાંત-ફોક્સકોન ડીલ આપી, આવતીકાલે મુંબઇ વેચી દેશે’

મહારાષ્ટ્ર,

શિવસેનાએ ફરી એકવાર મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે પર કટાક્ષ કર્યો છે. પાર્ટીએ ગુરુવારે તેના મુખપત્ર ‘સામના’માં લખ્યું, ‘તે નિશ્ચિત છે કે શિંદેએ તેમના મુખ્યમંત્રી પદના બદલામાં વેદાંત-ફોક્સકોન ડીલ ગુજરાતને સોંપી દીધી છે. અમે આ આરોપ નથી લગાવી રહ્યા, પરંતુ તે અમારૂ સ્પષ્ટ માનવું છે..

શિવસેનાએ સામનાના તંત્રીલેખમાં લખ્યું છે કે આ ડીલ મહારાષ્ટ્રથી ગુજરાતમાં ખૂબ જ સરળતાથી ટ્રાન્સફર કરવામાં આવી હતી. ભાજપે એકનાથ શિંદેને કંપનીની તરફેણ કરવા કહ્યું અને તે



થઈ ગયું. આ કોઈ આરોપ નથી પરંતુ અમારૂં સ્પષ્ટ માનવું છે. જેવી રીતે ફડણવીસે ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટર મુંબઈથી ગુજરાતમાં ખસેડ્યું, તેમ એકનાથ શિંદેએ વેદાંત-ફોક્સકોન ડીલ ગુજરાતને સોંપી. આવતીકાલે તેઓ મુંબઈને પણ વેચી દેશે.

શિવસેનાએ કહ્યું કે આ તો માત્ર શરૂઆત છે. વેદાંત-ફોક્સકોન ડીલ નાની છે. સ્પષ્ટ છે કે બીજેપીએ શિંદેને કહ્યું કે અમે તમને સીએમ બનાવ્યા છે. તમારા ધારાસભ્યોને કરોડો રૂપિયા આપ્યા, હવે તમે મહારાષ્ટ્રની તિજોરીની ચાવી અમને સોંપો. રાજ ઠાકરેએ મામલાની તપાસની માંગ પર લખ્યું કે, તેમણે ચિંતા વ્યક્ત કરી તે સારી વાત છે, પરંતુ આરોપી તેમનો મિત્ર ભાજપ છે. હવે મહારાષ્ટ્રના વિકાસના તમામ એન્જિન ગુજરાત તરફ વળશે.

સામનામાં કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રના વિકાસને રોકવા માટે શિંદેને સીએમ બનાવવામાં આવ્યા છે. શિંદે સુરત અને ગુવાહાટીમાં તેમના ધારાસભ્યોના જૂથને ખાતરી આપી રહ્યા હતા કે ડરવાનું કંઈ નથી. હવે અમારી પાસે એક મહાન શક્તિ અમને ટેકો આપી રહી છે. આપણને જે જોઈએ છે તે મળશે. શાબાશ શિંદે! તમને જે જોઈએ છે તે મળ્યું છે, પરંતુ મહારાષ્ટ્રના યુવાનો પાસેથી તેમની રોજગારીની તકો છીનવી લેવામાં આવી છે.

સામનાનો આ સંપાદકીય વેદાંત-ફોક્સકોન ડીલના વિવાદ વચ્ચે પ્રકાશિત થયો છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે એકનાથ શિંદે અમારા ૪૦ ધારાસભ્યોને જ નહીં પરંતુ મહારાષ્ટ્રના મોટા પ્રોજેક્ટને પણ ગુજરાતમાં લઈ ગયા હતા. આપણા રાજ્યમાં બે લાખ કરોડ અને એક લાખ રોજગારીની તકો ગુમાવવા માટે જવાબદાર કોણ?

બીજી તરફ વેદાંતા ગ્રૂપના ચેરમેન અનિલ અગ્રવાલે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રોજેક્ટ માટે ગુજરાતને થોડા મહિના પહેલા સ્વતંત્ર રીતે પસંદ કરવામાં આવ્યુ હતું.

આ અંગે આદિત્ય ઠાકરેએ કહ્યું કે, બે અલગ-અલગ પ્રોજેક્ટ વચ્ચે ભ્રમ પેદા કરવા માટે કેટલીક બાબતોને જાહેર કરવામાં આવી રહી છે. ફોન એસેમ્બલી યુનિટ માટે ફોક્સકોન ડીલ પર અગાઉની અઘાડી સરકાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, વેદાંત-ફોક્સકોન ૨૦૨૨ માં લોન્ચ કરવામાં આવી હતી.

વેદાંત-ફોક્સકોન ઈ૨૨ બિલિયનના રોકાણ સાથે સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા જઈ રહી છે. આ પ્રોજેક્ટ અગાઉ મહારાષ્ટ્રમાં ફોક્સકોન દ્વારા સ્થાપવામાં આવનાર હતો. શિવસેનાનો દાવો છે કે અગાઉની મહા વિકાસ અઘાડી સરકારે આ માટે ફોક્સકોન સાથે જોડાણ કર્યું હતું. ફોક્સકોન સ્માર્ટફોન ઉત્પાદનમાં તેની તકનીકી કુશળતા માટે લોકપ્રિય છે. તે એપલ ફોનના ઉત્પાદનમાં પણ સામેલ છે.

## ગુલામ નબીએ મોહન ભાગવતના વખાણ કર્યા, કોંગ્રેસ પર વરસ્યા, પોતાનો એજન્ડા જણાવ્યો

### રસ્તાની માપણી કરીને કશું પ્રાપ્ત થવાનું નથી. તેમણે કહ્યું કે આમાં પણ નેતૃત્વનો અભાવ છે.

નવીદિલ્હી,તા.૧૫

કોંગ્રેસ છોડ્યા બાદથી રાજકીય ગલિયારામાં ગુલામ નબી આઝાદ વિશે ચર્ચા છે કે તેઓ જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સાથે ગઠબંધન કરી શકે છે. તેમણે અગાઉ પણ કહ્યું હતું કે તેઓ કલમ ૩૭૦ને લઈને કાશ્મીરના લોકોને કોઈ વચન આપવા માંગતા નથી. હવે તેમણે આરએસએસના વડા મોહન ભાગવતના વખાણ કર્યા છે. અયોધ્યા અને જ્ઞાનવાપી વિશે વાત કરતા આઝાદે કહ્યું કે, મને ખબર નથી કે ભાજપ કે આરએસએસના કોઈ નેતાએ કહ્યું કે દરેક મસ્જિદ તોડી પાડવી પડશે. આરએસએસના લોકો માટે કેટલીક બાબતોનું સ્વાગત છે. મોહન ભાગવતે કહ્યું કે દરેક મસ્જિદ તોડી ન શકાય.ભૂપેશ બઘેલે આરોપ લગાવ્યો હતો કે ભાજપ પહેલાથી જ ગુલામ નબી પ્રત્યે નરમ છે. તેના પર આઝાદે કહ્યું કે, તેઓ નવા નવા મુખ્યમંત્રી બન્યા છે. તેમાં તેમનો કોઈ વાંક નથી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના ત્રણ મુખ્યમંત્રી ત્યાં હોવાથી તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. સાવચેતીના ભાગ રૂપે તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. પરંતુ હું કાશ્મીરમાં નહીં દિલ્હીમાં હતો. હું દિલ્હીમાં કયું પ્રદર્શન કરીશ?

એક ચેનલ સાથે વાત કરતાં ગુલામ નબી આઝાદે કહ્યું કે, જયારે તેમણે કોંગ્રેસ અધ્યક્ષને પત્ર લખીને પાર્ટીમાં સુધારા લાવવાનો પ્રયાસ કર્યો તો ઉલટો-સીધો જવાબ આપવામાં આવ્યો. તેમણે કહ્યું, વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન નેતાએ કહ્યું કે આ પત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યો છે. મેં કહ્યું કે નરેન્દ્ર મોદી સાહેબ શા માટે લખશે કે કોંગ્રેસને કાયમી અધ્યક્ષની જરૂર છે અને તેને મજબૂત કરો. આઝાદે કહ્યું, કોંગ્રેસીઓએ મને ભાજપનો રાષ્ટ્રપતિ બનાવ્યો, ઉપરાષ્ટ્રપતિ બનાવ્યો. તેઓએ સપના વેચીને મને બદનામ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ જયારે તેમની આંખ ખુલી તો તે બધું જુઠ્ઠું હતું.

રાજીનામું આપતી વખતે ગુલામ નબી આઝાદે સોનિયા ગાંધીને પત્ર લખીને કહ્યું હતું કે, જે ડોક્ટર છે તે વાસ્તવમાં કમ્પાઉન્ડર છે. તેમનો ઈશારો રાહુલ ગાંધી તરફ હતો. હવે તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ ક્યારેય વ્યક્તિગત રીતે મારું અપમાન કર્યું નથી પરંતુ નેતૃત્વનો અભાવ છે. કોંગ્રેસનો અંત આવી રહ્યો છે. ‘ભારત જોડો‘ યાત્રા અંગે તેમણે કહ્યું હતું કે, રસ્તાની માપણી કરીને કશું પ્રાપ્ત થવાનું નથી. તેમણે કહ્યું કે આમાં પણ નેતૃત્વનો અભાવ છે. તેઓ એવા છે કે, જાણે ફિલ્મોમાં થોડા સમય માટે કોઈ પાત્ર અચાનક દેખાય છે.

ગુલામ નબી આઝાદે કહ્યું કે, તેમનો એજન્ડા કોઈ પાર્ટીને ખતમ કરવાનો નથી. તેમણે કહ્યું કે, મેં કલમ ૩૭૦નું નામ લઈને કોઈને મૂર્ખ બનાવ્યા નથી.

## પ્રશાંત કિશોરે નીતીશકુમારની મુલાકાત કરી,પવન વર્મા પણ હતાં

પટણા,તા.૧૫

કયારેક બિહારના મુખ્યમંત્રી અને જદયુના પ્રમુખ નીતીશકુમારની સાથે કામ કરી ચુકેલ ચુંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર હવે મહાગઠબંધન સરકાર અને ખાસ કરીને મુખ્યમંત્રી પર પ્રહારો કરી રહ્યાં છે. પ્રશાંત કિશોરના પ્રહારોનો જદયુ પણ જોરદાર જવાબ આપ્યો છે.બંન્ને તરફથી જારી જુબાની જંગ વચ્ચે અહેવાલો છે કે બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે પ્રશાંત કિશોરની મુલાકાત કરી છે.નીતીશકુમારે મીડિયા કર્મચારીઓથી વાત કરતા તેની પુષ્ટી કરી છે આ સાથે જ તેમણે પવન વર્માને લઇને પણ વાત કરી છે.મીડીયા કર્મચારીઓએ જયારે મુખ્યમંત્રી નીતીશકુમારથી પ્રશાંત કિશોર અને તેમની મુલાકાતને લઇ સવાલ કર્યા તો બિહારના મુખ્યમંત્રીએ કહ્યું કે મુલાકાત થઇ છે પરંતુ એવી કોઇ ખાસ વાત નથી,સાધારણ વાતચીત થઇ છે.પવન વર્માના સવાલ પર નીતીશકુમારે કહ્યું કે તેઓ મારા જુના સાથી છે અને તેમણે એક દિવસ ફોન કર્યો હતો કે તે મળવા માંગે છે.શું તેમની અભિયાનથી જોડવાના સંબંધમાં કોઇ વાત થઇ છે.તેના પર નીતિશકુમારે કહ્યું કે આવી કોઇ વાત નથી સામાન્ય વાતચીત થઇ છે કોઇ રીતની રણનીતિને લઇ વાત થઇ નથી અમારો અને તેમનો પહેલાથી સંબંધ છે અને જો કોઇ મળવા ઇચ્છે છે તો તેમાં શું મુશ્કેલી છે શું પ્રશાંત કિશોર સાથે આવી શકે છે.તેના સવાલનો જવાબ ટાળવાના અંદાજમાં નીતીશકુમારે કહ્યું કે આ તમામ વાતો તમે લોકો તેમને જ પુછી શકો છો.નીતીશના આ નિવેદન બાદ અટકળોનું બજાર ગરમ થઇ ગયુંછે.પવન વર્માએ ગત મહીને ટીએમસીમાંથી રાજીનામુ આપી દીધુ હતું તેમણે લગભગ ૧૦ મહીના પહેલા નવેમ્બર ૨૦૨૧માં ટીએમસીમાં પ્રવેશ લીધો હતો પવન વર્માના રાજીનામા બાદથી જ એ વાતની અટકળો લગાવવામાં આવી રહી હતી કે તેઓ એકવાર ફરી નીતીશકુમારના જુથમાં જઇ શકે છે.એ યાદ રહે કે પવન વર્માને નીતીશકુમારે ૨૦૨૦માં જદયુમાંથી બરતરફ કર્યા હતાં ત્યારબાદ તેમણે મમતા બેનર્જીની પાર્ટીમાં જોડાવવાનો નિર્ણય કર્યો હતો.

## શાહે કહ્યું હતું કે હિન્દી તમામ ભારતીય ભાષાઓની મિત્ર છે



ચેન્નાઈ,તા.૧૫

તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે હિન્દીને સ્થાનિક ભાષાઓની હરીફ નહીં પણ મિત્ર જણાવી હતી. સ્ટાલિને કહ્યું કે ભાજપે ઈન્ડીયાને હિંદિયા બનાવવાના પ્રયાસ બંધ કરવા જોઈએ.૧૪ સપ્ટેમ્બરે હિન્દી દિવસના અવસર પર અમિત શાહે સુરતમાં અખિલ ભારતીય રાજભાષા પરિષદમાં કહ્યું હતું કે, ‘હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું. કેટલાક લોકો ખોટી માહિતી ફેલાવી રહ્યા છે કે હિન્દી અને ગુજરાતી, હિન્દી અને તમિલ, હિન્દી અને મરાઠી એકબીજાની હરીફ છે. હિન્દી ક્યારેય અન્ય ભાષાની હરીફ બની શકે નહીં. હિન્દી દેશની તમામ ભાષાઓની મિત્ર છે.

સ્ટાલિને શાહના નિવેદન પર કહ્યું, ‘કેન્દ્રએ બંધારણના આઠમા શેડ્યુલમાં નોંધાયેલ તમામ ૨૨ ભાષાઓને સત્તાવાર ભાષાઓ જાહેર કરવી જોઈએ. હિન્દી ન તો રાષ્ટ્રભાષા છે કે ન તો માત્ર સત્તાવાર ભાષા. આપણે હિન્દી દિવસને બદલે ભારતીય ભાષા દિવસ મનાવવો જોઈએ. હિન્દીની તુલનામાં અન્ય ભાષાઓના વિકાસમાં બહુ ઓછા સંસાધનો ખર્ચવામાં આવે છે. કેન્દ્રએ આ અંતરને ઘટાડવું જોઈએ. નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ કેન્દ્ર માત્ર હિન્દી અને સંસ્કૃતને જ પ્રોત્સાહન આપી રહ્યું છે.આ વર્ષે એપ્રિલમાં હિન્દીને લઈને અમિત શાહે કહ્યું હતું કે અલગ-અલગ રાજ્યોના લોકોએ એકબીજા સાથે અંગ્રેજીમાં નહીં, પણ હિન્દીમાં વાત કરવી જોઈએ. આ અંગે સ્ટાલિને કહ્યું હતુ કે, ‘શાહનું નિવેદન દેશની એકતા પર હુમલો છે. ભાજપ નેતૃત્વ સતત વિવિધતાને દૂર કરવાનું કામ કરી રહ્યું છે.તમિલનાડુ ઘણા સમયથી દક્ષિણના રાજ્યો પર હિન્દી લાદવાનો વિરોધ કરી રહ્યું છે. જ્યારે કેન્દ્રએ દેશભરની શાળાઓમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે તમિલનાડુ અને કેન્દ્ર વચ્ચે ટકરાવ વધ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# રાજકીય હિંસા



*લોકતંત્રમાં રાજકીય હિંસાને કોઈ સ્થાન ન હોય. તેમ છતાં દેશમાં રાજકીય હિંસા અટકવાનું નામ નથી લેતી. દેશમાં સાંપ્રદાયિક રમખાણો કરતાંય વધુ લોકો રાજકીય સંઘર્ષમાં માર્યા જાય છે. આપણે ખુદને દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર કહીએ છીએ, પરંતુ સચ્ચાઈ એ છે કે આપણી વ્યવસ્થામાં કેટલીય બુનિયાદી સમસ્યાઓ ઘર કરતી જાય છે, જેનું સમય રહેતાં કોઈ સમાધાન શોધવું જરૂરી છે. આપણે નાની નાની વાતો પર હિંસા કરવા તત્પર થઈ જઈએ છીએ. મંગળવારે બંગાળમાં આવી જ હિંસા થઈ. ત્યાં ભાજપે ભ્રષ્ટાચારના આરોપમાં મમતા સરકાર વિરુદ્ધ મોરચો કાઢ્યો હતો. તેને સચિવાલય ચલો નામ આપવામાં આવ્યું હતું. પોલીસે ભાજપી કાર્યકર્તાઓને સચિવાલય પહોંચતાં પહેલાં જ વચ્ચે રોકી લીધા અને તેમના નેતાઓ શુભેન્દુ અધિકારી, લોકેસ ચેટર્જીને અટકાયતમાં લીધા તો કાર્યકર્તા ભડકી ગયા અને પોલીસનાં વાહનોને આગ ચાંપી દીધી. પોલીસે ભીડ પર કાબૂ મેળવવા લાઠીચાર્જ કર્યો. ટિયર ગેસ અને વોટર કેનનો સહારો લેવામાં આવ્યો. અસલમાં આવા રાજકીય હિંસક આંદોલનોમાં પક્ષોને તો ફાયદો થાય છે, પંરતુ નુક્સાન દેશનું થાય છે.*

*સતત જોવા મળી રહ્યું છે કે રાજકારણમાં અસહિષ્ણુતા વધતી જાય છે. કોઈ કોઈનું સાંભળવા તૈયાર નથી. નાની વાતે રાજકીય કાર્યકર્તાઓ ઉત્પાત મચાવવા લાગે છે, સરકારી સંપત્તિને નુક્સાન પહોંચાડે છે. તેના મૂળમાં કડવી સચ્ચાઈ એ છે કે પહેલાં લોકો દેશ સેવા માટે પોતાની કારકિર્દી ત્યજીને રાજનીતિમાં આવતા હતા, પરંતુ હવે રાજનીતિ જ એક શાનદાર કારકિર્દી બની ગઈ છે.*

*તે નફાકારક વ્યવસાય બની ગયો છે. જન પ્રતિનિધિ બનતાં જ સંપત્તિમાં અસાધારણ વધારો થવા લાગે છે. એટલે જ રાજનીતિમાં ગળાકાપ સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. સત્તા માટે કોઈ વ્યક્તિ કે તેના દ્વારા લાભાન્વિત થનાર સમૂહ કોઈપણ હદ સુધી જઈ શકે છે. તે પોતાના વિરોધીઓનું મનોબળ તોડવા માટે હિંસાનો સહારો લે છે. બધી રાજકીય પાર્ટીઓ ભલે રાજનીતિના અપરાધીકરણનો વિરોધ કરતી હોય, પરંતુ બધાએ અપરાધિક પ્રવૃત્તિના લોકોને ખૂબ આશ્રય આપ્યો છે, તેમને ટિકિટ આપીને લોકસભા-વિધાનસભામાં મોકલ્યા છે. હાલત એ છે કે નેતાઓમાં એ વિશ્વાસ નથી કે તેઓ સમાજના વ્યાપક સવાલો પર રાજકારણ કરી શકે. સમાજને જોડવાની સકારાત્મક રાજનીતિ વ્યવસ્થા તો હવે દુર્લભ ચીજ બની ગઈ છે. રાજકીય વિરોધ ફક્ત વિચારધારા સુધી સીમિત હતો, હવે તો વ્યક્તિગત થવા લાગ્યો છે. લોકતંત્ર માટે આ ઘાતક છે. આપણે એવા નેતાઓ, પક્ષોને ઓળખી લેવા જોઈએ જેઓ થોડા ફાયદા માટે હિંસાનો સહારો લે છે. આપણા રાજકીય તંત્રમાં વ્યાપક સુધારની જરૂર છે. તેના માટે આખા સમાજે આગળ આવવું જોઈએ. ત્યારે જ નાની-નાની વાતો પર થનારી હિંસાને રોકી શકાય છે.*

રામ છે??
દાઝ્યા પર મલમ છે?
ના,દાઝ્યા પર ડામ છે.
મેં પૂછ્યું કેમ આમ છે?
એ તો પહેલેથી આમ છે!
દુખના ઓસડ દાડા છે?
ના એ તો મદિરા જામ છે!!
આરામ કર્યો તેનો થાક છે,
પસીનો છૂટ્યો કેવું કામ છે?
ચરણ ચાલતા અટકી જાય,
નક્કી માનવું કે તારું ગામ છે
આટલી આટલી યંત્રણા,
શું સૌના દિલમાં રામ છે?
ભરત વૈષ્ણવ
૮.૯.૨૦૨૨.# કવિતા

# પ્રાર્થનાની શક્તિ



એક દિકરીએ એક સંતને વિનંતી કરી કે આપ અમારા ઘેર પધારો અને મારા વૃદ્ધ બિમાર પિતાને મળી તેમના માટે પ્રાર્થના કરો કેમકે મારા પિતાજી પથારીવશ હોવાથી પલંગ ઉપરથી ઉઠી શકતા નથી. સંતે દિકરીની વિનંતી સ્વીકારી તેના ઘેર આવે છે ત્યારે તેના પિતા પલંગ ઉપર બે તકીયા મુકીને સૂઈ રહ્યા હતા અને તેમની સામે એક ખાલી ખુરશી પડી હતી.

સંતે આવીને પુછ્યું કે આપ મારા આવવાની જ રાહ જોઇ રહ્યા હતા? ત્યારે પિતાજી ના પાડે છે અને કહે છે કે આપ કોન છો? સંતે પોતાનો પરીચય આપ્યો અને પુછ્યું કે તમારી સામે પડેલ ખાલી ખુરશી જોઇને મને લાગ્યું કે આપ મારી રાહ જોઇ રહ્યા છો.

પિતાજી કહે છે કે એવી વાત નથી.આપને ખોટું ના લાગે તો કૃપા કરીને મારા રૂમના દરવાજો બંધ કરી દો.સંતને પિતાજીની વાત સાંભળીને નવાઇ લાગે છે તેમછતાં દરવાજો બંધ કરે છે ત્યારે પિતાજી કહે છે કે ખરેખર આ ખાલી ખુરશીનું રહસ્ય મેં આજસુધી મારી દિકરી કે અન્ય કોઇને કહ્યું નથી.સમગ્ર જીવન દરમ્યાન મને એ વાતની ખબર નથી પડી કે પ્રાર્થના કેવી રીતે કરી શકાય? મંદિર જતો હતો ત્યાં પૂજારી શ્રલોક સંભળાવતા હતા જે મને સમજમાં આવતા ન હતા એટલે મેં પ્રાર્થના કરવાનું જ બંધ કરી દીધું છે.

આજથી ચાર વર્ષ પહેલાં મારો એક મિત્ર મને મળે છે અને કહે છે કે પ્રાર્થના એ બીજું કંઇ નહી પરંતુ ભગવાનની સાથે સીધો સંવાદ હોય છે,તેને મને સલાહ આપી કે એક ખાલી ખુરશી તમારી સામે રાખો અને વિશ્વાસ કરો કે તે ખુરશી ઉપર ભગવાન પોતે વિરાજમાન છે અને જેમ મારી સાથે વાતો કરો છો તેવી જ રીતે ભગવાનની સાથે વાત કરવાની શરૂ કરો.

મિત્રના કહ્યા અનુસાર મેં પ્રત્યક્ષ અનુભવ કરીને જોયો તો મને સારૂં લાગે છે અને હું દરરોજ બે કલાક મારી દિકરીને ખબર ના પડે તે રીતે આમ કરૂં છું.મારી દિકરીને ખબર પડે તો તે પરેશાન થાય અને મને કોઇ મનોચિકિત્સક પાસે લઇ જાય.

પિતાજીની વાતો સાંભળીને સંતે આ વડીલના માટે પ્રાર્થના કરી,તેમના માથા ઉપર હાથ મુકીને તેઓ જે રીતે ભગવાનની સાથે વાતચીત કરતા હતા તે ચાલુ રાખવાનું કહે છે.સંતને અન્ય કાર્યક્રમ માટે બે દિવસ માટે બહાર જવાનું હોવાથી વડીલથી વિદાય લે છે.

બે દિવસ બાદ સંતની ઉપર દિકરીનો ફોન આવે છે કે આપ આવ્યા તે દિવસે આપના ગયા પછી કેટલાક કલાક પછી પિતાજીનું દેહાંત થયું છે.સંત પુછે છે કે મૃત્યુના સમયે પિતાજીને કોઇ તકલીફ નથી પડીને? ત્યારે દિકરી જવાબ આપે છે કે હું જ્યારે કામ અર્થે બહાર જઇ રહી હતી ત્યારે મને નજીક બોલાવે છે,મારા માથા ઉપર હાથ ફેરવે છે તે સમયે તેમના ચહેરા ઉપર શાંતિ હતી.જ્યારે હું પરત આવી ત્યારે તેમને હંમેશના માટે આંખો બંધ કરી દીધી હતી પરંતુ મેં એક નવાઇ જોઇ કે પિતાજી એવી મુદ્રામાં હતા કે જેમ કોઇએ ખાલી ખુરશી ઉપર પોતાની ગોદમાં તેમનું મસ્તક ઝુકાવેલું હતું.સંતજી..તે શું કહેવાય?

દિકરીની વાત સાંભળીને સંતના મનમાં શ્રદ્ધા સુમન વહેવા લાગ્યા.સંતે કહ્યું કે બેટી..તમારા પિતાજીનું મૃત્યુ ભગવાનના ખોળામાં થયું છે.તેમનો સીધો સબંધ ભગવાન સાથે હતો.તેમની સામે જે ખાલી ખુરશી હતી તેના ઉપર ભગવાન બેસતા હતા અને પિતાજી સાથે વાતો કરતા હતા.પિતાજીની પ્રાર્થનામાં એવી શક્તિ હતી કે ભગવાનને તેમની સામે આવવું પડતું હતું.

સદગુરૂ કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ્યારે કણ કણમાં એટલે કે સાકાર જગતમાં પ્રભુ દર્શન થવા લાગે છે ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે અને ત્યારબાદ ભક્ત પ્રાર્થના કરે છે કે હે ! નિરાકાર વિશ્વરૂપ પ્રભુ ! કણ કણમાં તારી સૂરત,પાન પાન ઉપર તારૂં નામ અને વિશ્વમાં ચારો તરફ ઉપર નીચે સર્વત્ર તમારી જ આકૃતિઓ જોઇ રહ્યો છું. ચંદનમાં સુગંધ,ગંગામાં નિર્મળતા,સૂરજમાં તેજ અને ચંદ્રમામાં શિતળતા તું જ છે,તું જ ફુલોમાં સૌંદર્ય છે,કળીઓમાં કોમળતા છે,બુધ્ધિમાનોની બુધ્ધિ છે તથા વિશ્વની તમામ કલા કૌશલતામાં તું વિરાજમાન છે,તું જ બ્રહ્મરૂપ ગુરૂના રૂપમાં મુજ શિષ્યીને જ્ઞાન, ભાષા અને સંતત્વ પ્રદાન કરે છે.

ઉપાસના વિશે ગુરૂદેવ પ્રાર્થના કરે છે કે...હે પ્રભુ ! આપ અરૂપ..અરંગ અને રેખાહીન છો.ઇન્દ્રિયાતિત.. મન અને બુદ્ધિથી પર(અગોચર) છો.આપ અથાહ અને અનંત છો..સમ્રાટોના સમ્રાટ છો..આદિકાળથી અનાદિ અને સર્વવ્યાપી છો.પ્રત્યેક યુગમાં પાપીઓના ઉદ્ધાર કરનાર(પતિતપાવન) અને સ્વયમ્ જ નામી(પરમ પદાર્થ) છો.હે જીવ જંતુઓના પાલનકર્તા પ્રાણાધાર ! હું તમોને લાખ લાખ પ્રણામ કરૂં છું. તમે જ મારા રક્ષક અને આધાર છો.મારા તન મન ધન તમોને સમર્પિત કરૂં છું.હે દાતા ! કૃપા કરો કે હું દિવસ રાત દરેક સમયે તમારા ગુણગાન ગાતો રહું.તમારા આદેશથી બહાર કોઇ કાંઇ કરી શકતું નથી.આપ જે ઇચ્છો છો તેમજ થાય છે.આપના સંકલ્પમાત્રથી સૃષ્ટિનાં તમામ કાર્ય થાય છે.પ્રભુ અને તેમના સ્વરૂપનો અનુભવ દરેક જ્ઞાની ભક્તોને દરેક સમયે એક સરખો જ થયો છે કારણ કે પ્રભુ પરમાત્મા એક અપરિવર્તનશીલ અને હંમેશાં એકરસ રહેવાવાળા છે.

દિલથી પ્રાર્થના કરીએ તો માંગેલું બધું જ મળી જાય છે,ફૂલોના છોડને રોજ પાણી મળતું રહે તો કળી પણ ફૂલ બની જાય છે,વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો દુશ્મન પણ નમી જાય છે, દિલમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ભગવાન પણ મળી જાય છે.માંગવું અને મરવું બરાબર છે,બીજી તરફ માંગ્યા વિના તો માં પણ ના પિરસે..આ બે વિરોધાભાસી વાતો છે.મને આટલું આપો એવી ભાવનાથી વારંવાર માંગણી કરવી તેને પ્રાર્થના કહેવાય,પ્રભુ તો દયાળુ છે.જેમ પુત્રની ચિંતા તેના પિતાને થાય છે તેમ આપણી ચિંતા જગતના પિતા પરમેશ્વરને થાય પરંતુ પુત્રને શું આપવું? ક્યારે આપવું? કેટલું આપવું? તે માતાપિતા જાણતાં હોય છે તેમ પ્રભુ પણ આપણી લાયકાત પ્રમાણે વગર માગે આપતા જ હોય છે તેમજ પ્રભુ સર્વજ્ઞ છે,આપણને શાની જરૂર છે તે તેઓ બરાબર જાણે છે.ભગવાન આપણને આપણી જરૂરીયાત અને લાયકાત પ્રમાણે આપ્યા કરે છે,આપણે ધીરજ રાખવી જોઈએ અને પ્રભુ ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખવાની જરૂર છે.પ્રભુ જે કંઈ કરશે તે આપણા હિત માટે જ કરે છે.સુદામાએ માગ્યું નહીં તો દ્વારકા જેવી સમૃદ્ધિ મળી.સદગુરૂ પાસેથી જ્ઞાન લેતાં પહેલાં તેમને તન-મન અને ધનનું સમર્પણ કરીએ છીએ.તેથી સમર્પણ કરેલ વસ્તુ આપણાથી માગી ન શકાય.

જીવનનું મૂળભૂત મહત્વનું ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે એ તો અત્યાર સુધીની વિચારણા પરથી સમજાઇ ગયું પરંતુ એ પરમાત્માની પ્રાપ્તિ થાય કેવી રીતે? અહંતા-મમતા,મોહ વગેરે અવિદ્યા-માયાના આવરણથી પરમાત્માનું સ્વરૂપ ઢંકાયેલું છે.અવિદ્યાના અતિગાઢ આવરણને દૂર કરવા માટે પરમાત્માની પ્રેમપૂર્ણ પ્રાર્થના સિવાય બીજો માર્ગ જ નથી.

સાધક જપ કરે છે,તપ કરે છે,સ્વાધ્યાય તથા તીર્થાટન અને અન્ય અનેક સાધનોનો અથવા અભ્યાસક્રમોનો આધાર લે છે તો પણ છેવટે સમજે છે કે પોતાની વ્યક્તિગત શક્તિ અથવા યોગ્યતાથી એ પરમાત્માની પ્રાપ્તિ થઇ શક્તિ નથી.અસહાય બનીને આખરે એ પ્રાર્થનાનો આધાર લે છે અને પ્રાર્થના ઉત્કટ બનતાં આખરે એને પરમાત્માની પરમ શક્તિની મદદ મળે છે એને લીધે અવિદ્યાના આવરણમાંથી મુક્તિ મેળવીને એ પરમાત્માની પાસે સહેલાઇથી પહોંચી શકે છે એનું જીવન પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક બને છે.પ્રાર્થનાની શક્યતા કે શક્તિ કેટલી બધી અપરિમીત છે એનો ખ્યાલ પ્રાર્થનાના એ ઉદગારો પરથી સહેલાઇથી આવી શકે છે.પ્રાર્થના જીવનો શિવ સાથે સંબધ કરાવનાર સેતુ છે અને એનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે એમાં એની સફળતા સમાયેલી છે.પ્રાર્થનાનો આધાર આત્મવિકાસને માટે અથવા અન્યની સુખાકારી,શાંતિ તથા ઉન્નતિ માટે લેવાય એ આવશ્યક છે એમાં જ એની શોભા છે.

જ્યારે પણ ભગવાનને યાદ કરીએ,નામ સુમિરણ કરીએ ત્યારે એવું ન વિચારવું કે ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે કે નહી? જે સાચા દિલથી પ્રભુને યાદ કરે છે તેમની પ્રાર્થના ભગવાન અવશ્ય સાંભળે છે.સાચા દિલથી કરેલી પ્રાર્થના કદી વ્યર્થ નથી જતી.પ્રાર્થના જીવનનું એક જબરદસ્ત બળ છે.વિષમ પરિસ્થિતિમાં મૂકાયેલા,શોકમાં ડૂબેલા,હતાશ,પોતાને અસહાય અને અંધકારમાં ખોવાયેલા અનુભવતા મનુષ્યને,સાચા ઊંડા ભાવથી કરેલી પ્રાર્થના તેની સ્થિતિમાંથી ઊંચકી લઈ એક મહાન ચૈતન્ય સાથે તેનો સંબંધ જોડી આપે છે.

પ્રાર્થના મનની શુદ્ધિ,આત્માનો આનંદ અને જીવનનો આધાર છે.પ્રાર્થના સર્વશક્તિમાન પરમાત્મા પાસેથી શક્તિ પ્રાપ્ત કરવાનું માધ્યમ છે.પ્રાર્થના નિર્બળનું બળ,નિરાધારનો સહારો અને અમારા મૂળ સાથે જોડવાનો પ્રયત્ન છે.જ્યાંથી અમારી બુદ્ધિની સીમા પુરી થાય છે ત્યાંથી પ્રાર્થનાની હદ શરૂ થાય છે.જ્યારે અમારી આયોજન કરેલી યોજનાઓ અસફળ થાય છે,અમારી બુદ્ધિ હાર સ્વીકારી લે છે ત્યારે અમે તે અસિમ શક્તિ પરમાત્માને યાદ કરીએ છીએ,આ હૃદયના પોકારને પ્રાર્થના કહે છે.

આ અસિમ શક્તિને ગમે તે નામથી પોકાર કરવામાં આવે તે તમામની પ્રાર્થના સાંભળે છે.પ્રાર્થના સામાન્ય માનવ પણ કરે છે અને બ્રહ્મજ્ઞાની સંતો પણ કરે છે.સામાન્ય માનવ વિવશ હોય ત્યારે પોતાના દુઃખ દર્દને દૂર કરવા જેને તે જાણતો નથી તેવી શક્તિ જેને પરમાત્મા કહે છે તેમને પ્રાર્થના કરે છે અને તેને વિશ્વાસ હોય છે કે પ્રભુ તેનું દુઃખ દૂર કરશે.બ્રહ્મજ્ઞાની પણ શ્વાસે શ્વાસે તેના જીવનમાં સુખ-દુઃખ,હર્ષ-શોક ગમે તેવી પરીસ્થિતિ હોય તેમછતાં પ્રભુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

વિનોદભાઇ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# મૃત્યુ પછી આપણા શાસ્ત્રોમાં સાત લોકની ચર્ચા કરવામાં આવી છે.

મૃત્યુ પછી આપણા શાસ્ત્રોમાં સાત લોકની ચર્ચા કરવામાં આવી છે. જેમાં પૃથ્વીથી શરૂ થતા પ્રથમ ચાર લોક ઉપર ચંદ્ર નો અમલ છે જ્યારે પાંચથી સાત લોક સૂર્યના અમલમાં છે.

જયાં સુધી વિચારો છે, જ્યાં સુધી ઈચ્છાઓ છે, જ્યાં સુધી વાસનાઓ છે ત્યાં સુધી ફરી જન્મ લેવો જ પડે છે. અને એટલે એવા આત્માની ગતિ ચોથા લોકથી ઉપર થઈ શકતી નથી.

એક થી ચાર લોક સોળ ભાગમાં વહેંચાયેલા છે. આ દરેક ભાગને કલા કહેવામાં આવે છે. કલા એટલે વિભાગ અથવા ઝોન ! આ સોળ કળા આપણી સોળ તિથિઓ સાથે જોડાયેલી છે. એટલે જ ચંદ્રની સોળ કળાઓ કહેવાય છે.

એક થી ચાર લોકમાં કર્મ પ્રમાણે ગમે તે લોકમાં ગતિ થાય પણ એ ગતિ મૃત્યુની તિથિ મુજબ થતી હોય છે. માનો કે શુક્લ પક્ષ કે કૃષ્ણ પક્ષની સાતમના દિવસે મૃત્યુ થાય તો બીજો જનમ ના થાય ત્યાં સુધી જીવને સાતમી કલામાં રહેવાનું થાય છે.

આપણા શાસ્ત્રોમાં શ્રાદ્ધ પક્ષનું ખૂબ જ મહત્વ છે. શ્રાદ્ધ પક્ષ એ પિતૃલોક માટે એટલે કે ચંદ્રલોક માટે એક વેકેશન જેવો સમય છે. તમામ આત્માઓને આ સોળ દિવસ દરમિયાન મૃત્યુ ની તિથિ પ્રમાણે પૃથ્વી ઉપર જઈને પોતાના સ્વજનોને જોવાની સ્વતંત્રતા મળે છે. કોઈપણ જાતના ભોગ તે આ સમયમાં આરોગી શકે છે.

જે તિથિમાં મૃત્યુ થયું હોય એ તિથિ શ્રાદ્ધ પક્ષમાં જ્યારે પણ આવે ત્યારે જે તે કલાના દરવાજા ખુલે છે અને જે તે જીવને શ્રધ્ધા નામના માર્ગે પૃથ્વી ઉપર જવા માટે રજા આપવામાં આવે છે.

મૃત્યુ પામેલા દરેક જીવને જે તિથિ માં મૃત્યુ થાય તે જ તિથિની કલામા મોકલવામાં આવે છે પરંતુ જે લોકોનું ગોળીબાર જેવા શસ્ત્રોથી મૃત્યુ થાય કે અગ્નિમાં સળગી જવાથી, પાણીમાં ડૂબી જવાથી કે અકસ્માત થી અચાનક મૃત્યુ થાય એ તમામ જીવોને ભલે ગમે તે તિથિમાં મૃત્યુ પામ્યા હોય તોપણ તેમને ચૌદમી કલામાં જ મોકલવામાં આવે છે. આત્મહત્યા કરી લેનારા પણ ચૌદમી કલામાં જ જાય છે.

એટલે આ રીતે જેમનું પણ કુદરતી મૃત્યુ ના થયું હોય એ તમામ જીવાત્માઓને ચૌદમી કલામાં મોકલવામાં આવે છે. જો કોઈ વ્યક્તિનું કુદરતી મૃત્યુ ચૌદશના દિવસે થયું હોય તો એને ચૌદમી કલાના બદલે અમાવસ્યાની સોળમી કલામાં મોકલવામાં આવે છે. કારણ કે પંદરમી કલા પૂનમના દિવસે જે લોકોનું મૃત્યુ થયું હોય એમના માટે છે. ચૌદમી કલા માત્ર અને માત્ર અપમૃત્યુ થનારા પીડિત આત્માઓ માટે રિઝર્વ છે એમ સમજવું. જે લોકોએ સંસાર છોડી સંન્યાસ લીધો હોય એમને બારમી કલામાં મોકલવામાં આવે છે.

શ્રાદ્ધ નો છેલ્લો અમાવસ્યાનો દિવસ તમામ આત્માઓ માટે મુક્તિનો દિવસ ગણાય છે. એમને પૃથ્વી ઉપર ગમે ત્યાં ફરવાની અને સ્વજનોને મળવાની આઝાદી આપવામાં આવે છે. એટલે જ એને સર્વપિતૃ અમાવાસ્યા કહેવામાં આવે છે.

સનાતન હિંદુ ધર્મને માનનારાઓ એ તમામ સોળ શ્રાદ્ધ કરવાં જોઈએ. બ્રાહ્મણને જમાડવો જોઈએ અથવા ગાય કુતરાનો ભાગ કાઢવો જોઈએ. કારણ કે આપણે જાણતા નથી કે આપણી પેઢીના તમામ સ્વજનો કઈ તિથિએ મૃત્યુ પામ્યા !! પરંતુ એમને તો એમના કુટુંબ તરફથી હંમેશા અપેક્ષા હોય જ છે કે મારો પૌત્ર કે પ્રપૌત્ર મને યાદ કરી ભોજન આપે !!

આપણને એ પણ ખબર નથી હોતી કે ક્યારેક સૂક્ષ્મ રીતે આપણાં એ મૃત સ્વજનો આપણને ક્યારેક મદદ પણ કરતાં હોય છે. અકસ્માતમાં બચાવતાં પણ હોય છે. બસ આપણે એમને જોઈ શકતા નથી. મૃત સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના અને જો આવડે તો વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ અને પિતૃઓને અર્પણ કરવો જોઈએ.

બ્રાહ્મણને જમાડતી વખતે અથવા ગાય કુતરાનો ભાગ કાઢતી વખતે મનોમન પ્રાર્થના પણ કરવી જોઈએ કે --'હે પિતૃઓ, હે સ્વજનો..તમે આજે અમારા ઘરે પધાર્યા છો. પરંતુ અમે તમને જોઈ શકતા નથી. અમે જે આ બ્રાહ્મણને જમાડીએ છીએ અથવા તો ગાય કુતરા માટે જે આ ભાગ કાઢ્યો છે એનાથી તમે તૃપ્ત થાવ અને અમને બધાંને આશીર્વાદ આપો.'

આવી પ્રાર્થનામાં ઘણી તાકાત છે. શબ્દ એ બ્રહ્મ છે. સાચા હૃદય પૂર્વક ખૂબ જ ભાવથી જો તમે આ રીતે જમાડશો તો પિતૃઓ સુધી પહોંચશે જ !!

જો તમને આવડે તો પિતૃઓનું તર્પણ પણ કરવું જોઈએ. તર્પણ ના આવડે તો છેવટે પીપળે પાણી ચઢાવવું.

તમે આ રીતે ભાવથી જો સોળ શ્રાદ્ધ કરશો તો તમને એક જ વર્ષમાં એનો પ્રભાવ દેખાશે. તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ જશે. ઘરમાં પણ શાંતિ તમે અનુભવી શકશો. મૃત વડીલોના આશીર્વાદમાં બહુ જ તાકાત છે.

એક વાત હંમેશા યાદ રાખવી કે એ જરૂરી નથી કે તમારા તમામ પિતૃઓ અત્યારે સૂક્ષ્મ જગતમાં રહેતા હોય. ઘણા આત્માઓ જન્મ લઈ ચૂક્યા પણ હોય. એવા સમયે તમે જે ભોજન કોઈ પિતૃને અર્પણ કરો છો એ તે જ દિવસે પૃથ્વી ઉપર એને નવા જન્મમાં જમવા મળે છે.

શ્રાદ્ધમાં તમને કોઈક દિવસે સારું સારું જમવાનું મળે તો એનો મતલબ એ જ થયો કે તમારા પૂર્વ જન્મનું શ્રાદ્ધ કોઈએ કર્યું છે અને તેનો રસાસ્વાદ તમે આજે માણી રહ્યા છો !!

# પોલીસ તપાસમાં નોરા ફતેહીને કયા પ્રશ્નનો પૂછાયા ??

" આ નોરા ફતેહી કોણ છે, રાજુ?" મે તારક મહેતાના ઉલ્ટા ચશ્માનાં પાત્ર જેઠાલાલ જેવા જ લટુવેડા કરતા રાજુ રદીને પૂછ્યું.

"કેમ, ગિરધરભાઇ રૂપિયા વધી પડયા છે?? ચિટર સુકેશુની જેમ નોરા ફતેહીને ચણામમરાના પેકેટ ગિફટ કરવાનો નેક ઈરાદો છે? ભાભીને તો બંગડી,બોપટી , બોરીયા, બકલ કે નેકલેસ અપાવ્યા નહીં. સાચું જ કહ્યું છે કે વાંદરો ઘરડો થાય તે પણ ગુલાંટ ભૂલે નહીં!" રાજુએ કોને ખબર કયાં ભવની દાઝ ઉતારી!!"રાજુ. નેતાલોગ જેમ બકવાસ કરીશ નહીં." તને ખબર ન હોય તો હું ગુગલમાં સર્ચ કરી લઈશ." મેં રાજુને ધમકી આપી.

" ગિરધરભાઇ . નોરાનો જન્મ ૬ ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ કેનેડામાં એક મોરોક્કન પરિવારમાં થયો હતો. અનેક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે ભારત હંમેશા તેમના દિલમાં રહે છે. નોરા બેલી ડાન્સની ઉત્તમ ડાન્સર છે. નોરાએ ફિલ્મોમાં સફળ થવા માટે આકરો સંઘર્ષ કર્યો છે. તેને લોકોના ખરાબ વર્તનનો કડવો અનુભવ થશે, તેનો અંદાજ ન હતે!!લોકોએ મારી મજાક તો ઊડાવી હતી, તો વળી મારો પાસપોર્ટ સુદ્ધાં ચોરી લીધો હતો.તેની પાસે પૂરતો અનુભવ નહોતો તેમ છતાં તે બોલીવૂડમાં કામ કરવા ઉત્સાહિત હતી. ભારત આવીને મને અનુભવ થયો કે હું જે વિચારીને આવી હતી તેના કરતા તો બધુ ઊલટું જ હતું.એની ધારણા હતી કે એરપોર્ટ પરથી મને લિમોઝિનમાં લઇ જવામાં આવશે. સારી ઊચ્ચગુણવત્તાયુક્ત હોટલના શ્યૂટમાં ઊતારો આપશે અને હું વટની સાથે ઓડિશન આપવા જઇશ. પરંતુ એવું કાંઇ જ થયું નહીં.મુંગેરીલાલ જેમ નોરા હસીન સપના જોતી હતી!!વો દિન કહાં કે નોરા કે પાંવ મેં જૂતી!! તેના માટે આ સૌથી જડબાતોડ લપડાક હતી. લોકો તો મારી મજાક ઊડાવતા, મને રિજેક્ટ થવાના અનુભવ થવાથી દરદ ઘણું થયું હતું. મુંબઈમાં તેને આઠ-નવ યુવતીઓ સાથે રહેવું પડયું હતું. આ છોકરીઓ બહુ ચાલાક હતી અને નોરાનો પાસપોર્ટ પણ ચોરી લીધો હતો. તેમ છતાં તે હિંમત હારી નહોતી અને તેણે સંઘર્ષ ચાલુ રાખ્યો હતો. તેને કોઇએ એવી સલાહ નહોતી આપી કે તારો ભારત જવાનો મતલબ છે, સંઘર્ષ કરવાનો.તે ઘણા રિયાલિટી શોમાં પોતાનો ડાન્સ કરતી જોવા મળી છે.

હિન્દી ફિલ્મ Roar: Tigers of Sundarbans થી ફિલ્મોમાં તેની કરિયરની શરૂઆત કરી હતી. આ પછી તે પુરી જગન્નાથની તેલુગુ ફિલ્મ ટેમ્પરમાં આઈટમ નંબર કરતી જોવા મળી હતી. તે છેલ્લે અજય દેવગણની ફિલ્મ 'ભુજ: ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા'માં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળી હતી. આ સિવાય તેણે ઘણી ફિલ્મોમાં શાનદાર આઈટમ નંબર કર્યા છે. જહોનની ફિલ્મ 'સત્યમેવ જયતે'ના ગીત 'દિલબર' પરનો તેમનો ડાન્સ ખૂબ જ લોકપ્રિય થયો હતો. આ સિવાય નોરા ઘણા રિયાલિટી શોમાં પણ જોવા મળી છે. તે ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સરમાં જજની ભૂમિકામાં પણ જોવા મળી હતી. તે હાલમાં ગુરુ રંધાવાના મ્યુઝિક વિડિયો 'ડાન્સ મેરી રાની' માટે ઘણી ચર્ચામાં છે."રાજુએ સર્ચ એન્જિન જેટલી માહિતી વોમિટિંગની જેમ ઓકી નાંખી!!" રાજુ. તારી નોરાને દિલ્હી પોલીસે કંઇ તપાસ માટે સમન કરી હતી?" મેં રાજુને ખુશ કરી સવાલ કર્યો!!

" ગિરધરભાઇ . કોઇ સુકેશ ચંદ્રશેખર કરીને દિલ્હીનો ઠગ છે. એણે ૨૦૦ કરોડનું ગબન કે મની લોન્ડરિંગ કરેલ છે. ઠગીના રૂપિયામાંથી હીરોઇનોને મોંઘી ભેટ આપી સેલિબ્રિટી સાથે યહ નજદિકીયા વધારવાનો શોખ છે જેકલિન ફર્નાન્ડિઝને સુકેશે કરોડો રૂપિયાની ગિફ્ટ્સ આપી હતી. એમાં ૫૨ લાખનો એક અરબી ઘોડો, ૯.૯ લાખ રૂપિયાની ૩ બિલાડી, ડાયમંડ સેટ્સ જેવી મોંઘી ગિફ્ટ્સનો સમાવેશ થાય છે. જેકલિન માટે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ પણ બુક કરી હતી અને ગોલ્ડ, ડાયમંડ જ્વેલરી, ઈમ્પોર્ટેડ ક્રોકરી પણ આપી હતી. નોરાને સુકેશે લગભગ એક કરોડ રૂપિયાની મ્સ્ઉ અને એક આઈફોન ગિફ્ટ આપ્યો હતો. મની લોન્ડરિંગ કેસમાં એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહીની પૂછપરછ કરી હતી. રિપોર્ટ અનુસાર, દિલ્હી પોલીસે ૬ કલાક સુધી લગભગ નોરાની પૂછપરછ કરી હતી."રાજુએ કહ્યું

પોલીસે નોરાને છ કલાકમાં પચાસ સવાલ પૂછ્યા.છ કલાક એટલે ત્રણસો સાંઠ મિનિટ,૨૧૬૦૦ સેકન્ડસ. પોલીસે નોરાને ૭.૨ મિનિટે એક અને ૪૩૨ સેકન્ડે એસ સવાલ પૂછાયો!!

સાત મિનિટ વીસ સેકન્ડે કેવા સવાલો પૂછાયા હશે તેની કલ્પના જ કરવી રહી!!

પહેલો સવાલઃ તમારું નામ શું?

બીજો સવાલઃ તમારી અટક ફતેહી છે?

ત્રીજો સવાલઃ અટકના હિસાબે ફકેહપુર સિક્રી સાથે સંબંધ છે કે ફતેહગઢ?

ચોથો સવાલ : મોરોકકો દેશ છે?

પાંચમો સવાલઃ તમારી લિપસ્ટિકનો રંગ કયો છે?

છઠો સવાલઃ લિપસ્ટિક કઇ કંપનીની છે? સેલમાં લીધેલી? કેટલું ડિસ્કાઉન્ટ મળેલ?

સાતમો સવાલઃ તમારા એરીંગ્ઝ ગોલ્ડના છે? એક ગ્રામ સોના છે??

આઠમો સવાલ : તમે આટલી હિલના સેન્ડલ પહેરો તો પગ મચકોડીઇ જાય છે??

નવમો સવાલઃ કપડાં લતા, ઘરેણાંમાં ખર્ચ કર્યા પછી બચત થાય છે? પૈસા શેમાં ઈન્વેસ્ટ કરો છો?

દસમો સવાલઃ અમારી સાથે સેલ્ફી પડાવશો? સેલ્ફી પડાવવાનો ચાર્જ લેશો નહીંને?

અગિયારમો સવાલઃ પોલીસનું ઈન્સ્ટા પેજ લાઇક કરશો??

બારમો સવાલઃ એક કરોડમાં એકડા પછી કેટલા મીંડા આવે ??

તેરમો સવાલ?

બધા સવાલ અમે કરશું તો એસીપી,ડીસીપી જેપીસી કે પીસી તબલા વગાડશે?અમારી માફક તેમને પણ ભેજાનું દહીં (અહીં એક વાત નોટ કરી? અમને ભેજું હોવાનો ભ્રમ છે,તેને પોષવા માટે તમને લપેટી લીધા. આયલા સોલિડ દિમાગ લગાવ્યું!!) કરવા દો!!!

ભરત વૈષ્ણવ
૧૫.૯.૨૦૨૨.#હાસ્યલેખ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS No.0081*
વિષય : શ્રાદ્ધ
પ્રકાર: પદ્ય
શીર્ષક: વ્યથા પિતૃની!

જીવતાં નવ? પીરસ્યું, હવે શાને ભરે થાળ,
એ માટે કાગડા, કૂતરાંની જુઓ શા માટે ?રાહ?
તબિયત નહોતી સારી, ત્યારે દીધી ન કદી ગોળી,
ભાવતી તવ હવે શા કામની છે આ પૂરણપોળી ?
અકારણ સતત ચીડ,લાગતો તાત અળખામણો,
ડોસો કેટલું જીવશે એનો? લાગતો રોજ અડસટ્ટો !
કદી ભૂલમાં માંગ્યા ઢોકળા પાત્રા,
એનાં ભોગવ્યાં ટોણાં 'જીભને કેટલાં ચટકા'.
પ્રેમ સૂકાયો,સ્નેહ વરાળ બની ગયો,
ન ધર્યો ધ્રૂજતાં હાથને આવો જડ તનય ક્યાંથી થયો?
મોત ન આવ્યું ,ખૂટી તમ ધીરજ,
મારી મરજી વિના મારાં ઘરનાં થયાં ભાગ અલગ.
જીવતાં માંગી ખાવા પૂરી સંગ શ્રીખંડ,
બબડાટ, મજાક એટલાં થયાં જાણે આવ્યો ભૂકંપ.
વાનપ્રસ્થ એટલે શું ખાવું પીવું બંધ?
સંતાનો સંગ રહેવું ત્યારે પામવા પ્રેમ અનંત.
મનઃ શાંતિ માટે ઘર છોડી થયાં વેગળા,
ન બે બોલ પ્રેમ, ધૈર્ય કે માફીનાં, હવે આ મિષ્ટાન્ન ગળશે એ કડવાં ઘૂંટડા?
આશા તમ સૌને જીવતાં હૈયે ચાંપવાની,
નવ થઈ પૂરી, હવે બસ ફોટામાંથી નીરખવાની.
આ શ્રાદ્ધ તો શ્રદ્ધાની પરિપૂર્તિ ,
નવ કર્યું જે જીવતાં, હવે શું કામ દેખાદેખી!

પિતૃ તો સ્મરણ ગત સ્વજનોનું, પ્રેમ નીતરતું,
તેનો ન કોઈ દોષ, નવ શ્રાપ કે દુઃખ કે પીડા.
ઈશ્ર? માયા દેસાઈ

મુંબઈ ભારત.

-----------------------------------------------

NOG SS No : 0110
પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ
વિષય : શ્રાદ્ધ પક્ષ, માતૃ પિતૃ પૂર્વજ તર્પણ
શબ્દો : ૩૨૯
શીર્ષક : 'પિતૃ શ્રાદ્ધ અને તેનું ધાર્મિક મહત્વ'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

શ્રાદ્ધ પક્ષ એટલે ભાદરવાના શુક્લ પક્ષની પૂર્ણિમાથી લઈને ભાદરવા વદ અમાસ સુધીનું વિશિષ્ટ મહિમા ધરાવતું માતૃ-પિતૃ તર્પણનું વિશેષ પર્વ. આ દિવસો દરમિયાન મૃતક પૂર્વજોને તેમની મૃત્યુતિથિ અનુસાર શ્રદ્ધાપૂર્વક યાદ કરીને ક્ષમાભાવથી તર્પણ કરાય છે. પુરાણો અનુસાર શ્રાદ્ધ પક્ષમાં શ્રદ્ધાપૂર્વક કરેલી તર્પણ વિધિથી મૃત પિતૃઓના આત્માને તૃપ્તિ મળે છે અને વંશજોને તેમના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

શ્રદ્ધાથી ઉજવાતું પર્વ એટલે શ્રાદ્ધ. શ્રાદ્ધ પક્ષમાં મૃત પૂર્વજોને યાદ કરીને તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે. બે હાથ જોડીને તેમની કોઈપણ અતૃપ્ત ઈચ્છાઓને તર્પણ વિધિ દ્વારા તૃપ્ત કરવા વિનંતી કરવામાં આવે છે અને ક્ષમા માગવામાં આવે છે. પિતૃઓના આત્માને શાંતિ અને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરવામાં આવે છે. સામાન્ય રીતે મૃતક પિતૃની મૃત્યુ તિથિ અનુસાર શ્રાદ્ધ પક્ષમાં તે તિથિએ શ્રાદ્ધની વિધિ કરવામાં આવે છે. જેમની મૃત્યુતિથિની જાણ ન હોય અને એવા બીજા અજાણ કિસ્સાઓમાં લાગતા વળગતા પૂર્વજોનું શ્રાદ્ધ ભાદરવા વદ અમાસના દિવસે સર્વ પિતૃ શ્રાદ્ધ તરીકે કરવામાં આવે છે અને સર્વ પિતૃઓના આત્માના મોક્ષની અને કલ્યાણની કામના કરવામાં આવે છે.

શ્રાદ્ધમાં અનેક પ્રકારના મિષ્ટાન અને ભાવતા ભોજન બનાવી પિતૃઓને અર્પણ કરવામાં આવે છે. શ્રાદ્ધના દિવસે ચોક્કસ મહુર્તમાં કાગડાને સ્વાદિષ્ટ ભોજનનો કાગવાસ મૂકવામાં આવે છે. શાસ્ત્રોમાં કાગડાને દેવપુત્ર માનવામાં આવે છે. રામાયણના ત્રેતાયુગના કાળમાં દેવોના રાજા ઈન્દ્રના પુત્ર જયંતે એક કાગડાનું સ્વરૂપ લઈને માતા સીતા પાસે આવી તેમને ઘાયલ કરતાં ભગવાન શ્રીરામના બાણથી કાગડા જયંતની એક આંખ ફૂટી ગઈ. જયંતે માફી માંગતા ભગવાન શ્રીરામના આશીર્વાદ મેળવ્યા કે શ્રાદ્ધ પક્ષમાં તેમને અર્પણ કરવામાં આવેલ ભોજન પિતૃઓ સુધી પહોંચશે. આથી શ્રાદ્ધ પક્ષમાં મૃત પિતૃઓને અર્પણ કરવામાં આવેલ ભાવતા ભોજનનું વહન કાગડા કરે છે તેવું માનવામાં આવે છે. એક માન્યતા એવી પણ છે કે કાગડાઓનું સરેરાશ આયુષ્ય આશરે ૨૦૦ વર્ષ જેટલું હોય છે. તેથી માનવામાં આવે છે કે કાગડા આપણા મૃતક પિતૃઓના સમયમાં હયાત હતા જેથી કાગડાને અર્પણ કરેલ ભોજન પિતૃઓ સુધી પહોંચે છે અને તેઓ તૃપ્ત થાય છે.

આમ શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓને કરેલ તર્પણ દ્વારા પિતૃઓના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. ઘરમાં ધન-ધાન્ય અને સુખ શાંતિનો વાસ થાય છે. કુટુંબમાં સંતતિનું સુખ પ્રાપ્ત થાય છે. સાથે જ મૃત પિતૃઓના આત્માને મોક્ષની ગતિ પ્રાપ્ત થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૧૫ સપ્ટેમ્બર ૨૦૨૨

-----------------------------------------------

NOG SS No. -- 39
વિષય -- તર્પણ
પ્રકાર - ગદ્ય -- લેખ
શીર્ષક -- મોક્ષ કર્મ
શબ્દો - ૩૫૦
તારીખ -- ૧૪-૯-૨૨

શ્રાદ્ધની કાગવાસ પરંપરા પર્યાવરણ સાથે જોડાયેલી છે. કાગડો પ્રકૃતિનો પહેરેદાર છે. ઈકો સિસ્ટમને સપોર્ટર પક્ષી છે. શ્રાવણ મહિનો કાગડાની સંવનન ઋતુ છે. ભાદરવામાં જન્મતાં કાગડાના બચ્ચાને શ્રાધ્ધકર્મ દ્વારા પૌષ્ટિક ખોરાક મળી રહે છે.

ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ સુધીનાં સોળ દિવસોને શ્રાધ્ધપક્ષ માનવામાં આવે છે.

પિતૃઓ માટે શ્રદ્ધાથી કરવામાં આવતાં મુક્તિકર્મને શ્રાદ્ધ કહે છે અને એમને તૃપ્ત કરવાની વિધીને તર્પણ કહે છે. પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવેલું કોઈ પણ કાર્ય શ્રાદ્ધ જ છે.

શ્રાદ્ધ વિધિ પુત્ર, નાનો ભાઈ, ભાણેજ, ભત્રીજો, દોહીત્ર, ત્રીજી પેઢી સુધીનું કોઈ પણ સ્વજન કરી શકે છે. મહાભારત અનુસાર મિત્ર પણ મિત્રનું શ્રાદ્ધ કરી શકે છે.

શ્રાધ્ધનાં દિવસોમાં મૃત્યુ પામેલા આત્માઓને ભાવતી વસ્તુઓ બનાવીને ગાય, કૂતરા અને કાગડાઓને ખવડાવવામાં આવે છે. હિન્દૂ ધર્મમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. એટલે ગૌગ્રાસનું દાન કરવામાં આવે છે. આ દિવસોમાં દરેક વ્યક્તિ ધન-ધાન્ય, વસ્ત્ર કે સોના-ચાંદીનું દાન કરીને પુણ્ય કમાવાની મનસા સેવે છે. કાગડાને ભાગ્યશાળી માનવામાં આવે છે. એ યમરાજનો સંદેશવાહક ગણાય છે. એટલે એમના દ્વારા વ્યંજનો આપણાં મૃત્યુ પામેલાં આત્માઓ સુધી પહોંચે છે એવી હિન્દુઓની ધાર્મિક માન્યતા છે. મૃતાત્માઓને ભાવતાં વ્યંજનોનો ધાબે કાગવાસ નાંખવામાં આવે છે. કાગડાઓ યમરાજના પુત્ર શનિદેવના વાહક મનાય છે. વળી એવી પણ ધાર્મિક માન્યતા છે કે જ્યાં સુધી પૃથ્વી ઉપર યમરાજની હયાતી હશે ત્યાં સુધી પૃથ્વી પરથી કોઈ કાગડાનો નાશ કરી શકશે નહીં. આમ પિતૃઓના આત્માની શાંતિ અને તેમનાં મોક્ષ માટે ગૌગ્રાસ અને કાગવાસ નાંખવામાં આવે છે.

ભાદરવા સુદ પૂનમ, વદ પાંચમ, વદ અગિયારસ, બારસ અને અમાસ, શ્રાધ્ધપક્ષનાં આ પાંચ દિવસ પિતૃઓનું શ્રાદ્ધ કરીને, એમનાં આત્માને તૃપ્ત કરીને તર્પણ કરવામાં આવે છે. પિતૃપક્ષનાં આ દિવસો દરમ્યાન શ્રાદ્ધ કરીને પિતૃદોષથી મુક્તિ મેળવાય છે એવી ધાર્મિક માન્યતા છે.

અકાળે મૃત્યુ પામેલ વ્યક્તિનું શ્રાદ્ધ પૂનમના દિવસે, સૌભાગ્યવતી સ્ત્રીનાં મૃત્યુનું શ્રાદ્ધ નવમીનાં દિવસે કરવામાં આવે છે. એને માતૃનવમી પણ કહેવાય છે. સંન્યાસ લીધેલ સાધુ સંત વ્યક્તિનું કે આ દિવસે મરણ પામેલ વ્યક્તિનું શ્રાદ્ધ અગિયારસે કરવામાં આવે છે.

શ્રાધ્ધકર્મ દેવી દેવતાઓને પ્રસન્ન કરીને કરવામાં આવતું હોવાથી શ્રાદ્ધ કરનારને પણ તીર્થયાત્રા કરતાં પણ વિશેષ પુણ્યની પ્રાપ્તિ થાય છે. પ્રસન્ન થયેલાં દેવી દેવતાઓ શ્રાધ્ધકર્મીને સંતતિ અને સંપત્તિનું વરદાન આપે છે. એનાથી સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે.

શ્રાદ્ધ અગત્સ્ય મુનિની પૂજા કરીને પૂરી શ્રદ્ધા અને ભાવનાથી કરવું જોઈએ.

પ્રફુલ્લા 'પ્રસન્ના'
અમદાવાદ

-----------------------------------------------

*N.O.G. S .S. No. 0102*.

નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-શ્રાધ પક્ષ, માતૃ પિતૃ શ્રાદ્ધ, પૂર્વજ તર્પણ.
પ્રકારઃ-. ગદ્ય લેખ.
શીર્ષકઃ- શ્રાદ્ધ તર્પણનું મહત્વ.
તારીખઃ- ૧૫/૯/૨૦૨૨. ગુરૂવાર.
રચનાઃ-

માનવ નો જન્મ થાય ત્યાર પછી તેના જીવન દરમિયાન માતા-પિતા દેવ ઋષિ અને મનુષ્ય તેમજ અન્યનું ઋણ તેના ઉપર હોય છે.

આ બધા જ પ્રકારના ઋણ ચૂકવવાનો વખત તે ભાદરવા વદ એકમથી એટલે કે તા૧૦/૯/૨૦૨૨થી ૨૫/૯/૨૦૨૨ રવિવાર અમાવસ્યાના દિવસે આ શ્રાદ્ધ પક્ષ પૂરો થાય છે.

શ્રાદ્ધ પક્ષમાં આપણા પિતૃઓની જે તિથિ હોય તે દિવસે ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતું કાર્ય તેને શ્રાદ્ધ કહી શકાય. આ દિવસે આપણે શ્રાદ્ધ તર્પણ કરી ,બ્રાહ્મણો અને નિયાળા , તેમજ ગરીબ લોકોને જમાડીએ છીએ . દાન , દક્ષિણા વસ્ત્રો વગેરે યથા યોગ્ય આપી અને આપણે કાગવાસ નાખી અને પિતૃ ઋણ અદા કરીએ છીએ.

શ્રાદ્ધ ઘરમાં કરવામાં આવે છે ,તેમજ આપણા શાસ્ત્રોમાં પીંડારા, સોમનાથ પાસે સરસ્વતી નદીના કિનારે, પ્રભાસ પાટણમાં બિંદુ સરોવરમાં માતૃ શ્રાદ્ધ થાય છે, ગયામાં પિતૃ શ્રાદ્ધ થાય છે. આ ઉપરાંત ચારધામ અને સાતપુરીમાં તેમજ ગંગા ,જમના, સરસ્વતી, અને પવિત્ર નદીઓમાં પણ શ્રાદ્ધ કર્મ કરવામાં આવે છે. તેનાથી પિતૃ તર્પણ કરી અને શ્રાદ્ધ કરવાથી ઘણું પુણ્ય મળે છે. પિતૃઓનો મોક્ષ થાય છે.બદ્રીનાથમાં બ્રહ્મ કાપલિક શ્રાદ્ધ કરવામાં આવે છે તેથી આપણા તમામ પિતૃઓનું મોક્ષ થઈ જાય છે.

જમતી વખતે જમવામાં વાળ આવવા ,ઘરમાં દુર્ગંધ મારવી, પિતૃઓનું સ્વપ્નામાં દર્શન, નોકરી ન મળવી ,ઘરમાં વારંવાર ઝઘડા થવા ,ઘરમાં શાંતિ નહોવી, સંતતિ ન હોવી ,લાંબા ગાળ સુધી લગ્ન ન થવા,લાંબા સમય સુધી માંદગીમાં પીડાવું. આ બધા જ પ્રકારના દુઃખો એ પિતૃદોષને કારણે આવતા હોય છે તેવું શાસ્ત્રો માને છે.આ બધા દોષોમાંથી મુક્ત થવા માટે શ્રાદ્ધ અને તર્પણ કરવું જરૂરી છે.

પિતૃ શ્રાદ્ધ અને તર્પણ કરવાથી પિતૃ તરફથી આપણે ધન ,ધાન્ય ,સુખ ,સમૃદ્ધિ ,આરોગ્ય, સંતાન વગેરેની પ્રાપ્તિ થતી હોય છે ,માટે આપણે આપણા પિતૃઓને ખુશ રાખવા માટે તેનું શ્રાદ્ધ અને તર્પણ જરૂર કરવું જોઈએ.

બ્રાહ્મણોને મીષ્ઠાન ભોજન ,ખાસ કરીને દૂધની વાનગી અને યોગ્ય દક્ષિણા અને વસ્ત્રદાન આપવું. ધાર્મિક કથાઓ સાંભળવી, કથાઓ કરવી, મંત્ર ,તંત્ર જાપ કરવા, વડ અને પીપળાને પાણી દેવું મૂંગા પ્રાણીઓ તરફ દયા રાખી તેને ખાવા પીવાનું આપો વગેરે પણ શ્રાદ્ધ કર્મોનો જ એક પ્રકાર કહી શકાય. આ પ્રકારનું દાન પુણ્ય એ પિતૃઓને તૃપ્ત કરે છે અને તેઓ આપણા તરફ રાજી રહે છે.

જે માતા પિતા દ્વારા આપણો જન્મ થયો છે, પાલનપોષણ થયું છે,. જેવોએ જીવન જીવવા માટે યોગ્ય બનાવવા માટે તેઓએ ખૂબ ભોગ આપેલો છે, તેવા પિતૃઓને શ્રાદ્ધના દિવસે યાદ કરી અને તેના તરફ ઋણ અદા કરીએ એ જ શ્રાદ્ધ પક્ષનો વિશેષ મહિમા છે.

લેખકઃ-. રતીલાલ વાયડા
નવી મુંબઈ.૧૫/૯/૨૦૨૨. ગુરૂવાર.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૬૭ અને ચાંદીમાં રૂ.૨૬૯ની નરમાઈ

કોટનમાં સુધારોઃ મેન્થા તેલમાં નરમાઈઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૧૮૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૩૦૮૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૩ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૮,૯૬૯ સોદાઓમાં કુલ રૂ.૨૪,૨૯૫.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૧૮૨.૩૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૩૦૭૯.૭૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૭,૬૧૭ સોદાઓમાં કુલ રૂ.૫,૩૬૦.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રાની શરૂઆતમાં રૂ.૪૯,૯૪૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૯૪૨ અને નીચામાં રૂ.૪૯,૬૭૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬૭ ઘટી રૂ.૪૯,૭૫૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૯૯ ઘટી રૂ.૪૦,૧૪૧ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૪,૯૮૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૦૨૦ના ભાવે ખૂલી, રૂ.૨૯૮ ઘટી રૂ.૪૯,૮૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૮૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૯૫૦ અને નીચામાં રૂ.૫૬,૫૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૨૬૯ ઘટી રૂ.૫૬,૭૧૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૨૩૭ ઘટી રૂ.૫૭,૧૬૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૩૫ ઘટી રૂ.૫૭,૨૬૩ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૫૮૬ સોદાઓમાં રૂ.૧,૭૬૩.૭૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ વધી રૂ.૧૯૯.૩૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૮૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૮૦ ઘટી રૂ.૬૪૫.૮૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૧૪૩ સોદાઓમાં કુલ રૂ.૪,૦૩૪.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૫૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૯૬ અને નીચામાં રૂ.૬,૯૪૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૩ ઘટી રૂ.૬,૯૯૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧.૪૦ ઘટી રૂ.૬૮૯.૧૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૧૪ સોદાઓમાં રૂ.૨૩.૬૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૪,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૫,૦૪૦ અને નીચામાં રૂ.૩૪,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૩૪,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૪૦ ઘટી રૂ.૯૬૩.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૩૫૮.૬૧ કરોડનાં ૬,૭૩૯.૪૦૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૦૦૨.૨૪ કરોડનાં ૩૫૧.૦૪૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૪૦૩.૭૧ કરોડનાં ૧૯,૯૮,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૬૩૦ કરોડનાં ૩૭૪૨૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૦.૭૯ કરોડનાં ૩૧૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૨.૮૫ કરોડનાં ૧૩૨.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૬૯૫.૦૯૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૮૯.૦૬૧ ટન, ક્રૂડ તેલમાં ૯૬૩૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૬૫૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૬૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૩૨.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૪૩ કરોડનાં ૪૮૪ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૮૩૯ના સ્તરે ખૂલી, ૬૬ પોઈન્ટ ઘટી ૧૩,૮૦૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૩,૦૭૯.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૮૦.૭૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬.૪૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૮૭૨.૬૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૧૭૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૦.૦૨ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૮ અને નીચામાં રૂ.૩૬.૩૦ રહી, અંતે રૂ.૧૦૪.૫૦ ઘટી રૂ.૫૭.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૨૬.૨૫ અને નીચામાં રૂ.૧૫.૯૫ રહી, અંતે રૂ.૪.૪૫ ઘટી રૂ.૧૬.૯૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૫ અને નીચામાં રૂ.૩૪૦ રહી, અંતે રૂ.૯૯.૫૦ ઘટી રૂ.૩૬૪ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧.૫૦ અને નીચામાં રૂ.૨૦.૫૦ રહી, અંતે રૂ.૩ વધી રૂ.૨૪.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૫૭ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૭૩ અને નીચામાં રૂ.૯૫૧ રહી, અંતે રૂ.૯૪ ઘટી રૂ.૧,૦૨૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૮૫ અને નીચામાં રૂ.૨૧.૯૦ રહી, અંતે રૂ.૧૭.૪૦ વધી રૂ.૬૭.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭.૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૫.૧૦ અને નીચામાં રૂ.૨૬ રહી, અંતે રૂ.૧૨.૨૦ વધી રૂ.૪૨.૬૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૫ અને નીચામાં રૂ.૧૬૦ રહી, અંતે રૂ.૬૩ વધી રૂ.૧૯૭.૫૦ થયો હતો.

હિંદુ જનજાગૃતિ સમિતિનો વિશેષ સંવાદ

## ભારતમાતાનું અપમાન કરનારાઓને સાથે લઈને 'ભારત જોડો'નો કયો પ્રયત્ન કોંગ્રેસ કરી રહી છે ? : શ્રી. નરેંદ્ર સુર્વે



૭૫ વર્ષ પહેલાં જેમના કાર્યકાળમાં આપણા દેશનું વિભાજન થયું, તે કૉંગ્રેસ પક્ષ 'ભારત તેરે ટુકડે હોંગે'ની ઘોષણા દેનારા કન્હૈયાકુમારને સાથે લઈને 'ભારત જોડો' યાત્રા કરી રહ્યો છે. પાદરી જ્યોર્જ પોનૈય્યા ભારતમાતાને 'અપવિત્ર' માને છે અને કેવળ ઈસુને માને છે, તેમજ હિંદુઓનાં દેવી-દેવતાઓને માનવાને બદલે તેમના અસ્તિત્વ પર જ પ્રશ્નો નિર્માણ કરે છે. રાહુલ ગાંધી જ્યોર્જ પોનૈય્યા જેવા પાદરીઓને લઈને યાત્રા કાઢે છે, તે સમયે તેમના ઉદ્દેશ પર જ પ્રશ્ન નિર્માણ થાય છે. આવા ભારતમાતાનું અપમાન કરનારાઓને લઈને 'ભારત જોડો'ના કયા પ્રયત્નો કૉંગ્રેસ કરી રહી છે, એવો સજ્જડ પ્રશ્ન હિંદુ જનજાગૃતિ સમિતિના દિલ્લી રાજ્ય પ્રવક્તા શ્રી. નરેંદ્ર સુર્વેએ ઉપસ્થિત કર્યો. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'ભારત તોડો'માં સહભાગી જ્યોર્જ પોનૈય્યા જેવા ખ્રિસ્તી પાદરી !' આ વિષય પરના 'ઑનલાઈન' સંવાદમાં બોલી રહ્યા હતા.

ભારત વૉઈસ'નાં સંસ્થાપિકા ગાયત્રી એન્.એ કહ્યું કે, પાદરી જ્યોર્જ પોનૈય્યાએ હાલમાં જ ભારતમાતાનું અપમાન કરનારું વક્તવ્ય કર્યું. તેમણે એક વર્ષ પહેલાં પણ ભારતમાતાને ગાળો ભાંડીને વાદગ્રસ્ત વક્તવ્યો કર્યા હતા.

જે ધરતીને આપણે માતા સમાન માનીએ છીએ, તે વિશે ઘૃણાસ્પદ વક્તવ્યો કરનારા આ પાદરીની આમાંથી માનસિકતા ધ્યાનમાં આવે છે. 'જીઝસ'ને બધાયે માન્ય કરવા, આ વાત ગળે ઉતારવા માટે ખ્રિસ્તીઓ નિરંતર પ્રયત્નો કરી રહ્યા છે.

પહેલાં આ લોકો 'ઈનક્વિઝિશન' કરતા હતા, હવે જુદી પદ્ધતિથી જીઝસ અને તેમનો પંથ આપણા પર લાદી રહ્યા છે. આજે દક્ષિણ ભારતમાં તો શાળાઓમાં પણ હિંદુ વિદ્યાર્થીઓ પર છડેચોક ખ્રિસ્તી ધર્મની બળજબરાઈ કરવામાં આવી રહી છે, આ બધું રોકાવું જોઈએ.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
(સંપર્ક : ૯૯૮૭૯ ૬૬૬૬૬)

# નરેન્દ્રભાઈ મોદીના ૭૨મા જન્મદિન નિમિત્તે'સેવા અને સમર્પણ સપ્તાહ અભિયાન'



વિકાસશીલ ભારતના શિલ્પી, વિશ્વનેતા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૨મા જન્મદિન નિમિત્તે'સેવા અને સમર્પણ સપ્તાહ અભિયાન' નિમિત્તે ભારતીય જનતા પાર્ટી નારણપુરા વિધાનસભાના કાર્યકર્તાઓ અને વિધાનસભાના સભ્ય શ્રીકૌશિકભાઈ પટેલ પૂર્વ મહેસૂલ મંત્રી ગુજરાત રાજ્ય, લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ ,ફોટ તથા નરોડા,શ્રી મોઢ મોદી યુવા ચેરીટેબલ ટ્રસ્ટ, દૂધનાથ મહાદેવ ટ્રસ્ટ તથા ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે'નિ:શુલ્ક સર્વરોગ મેગા નિદાન કેમ્પ તથા સપ્તકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન જાહેર જનતા માટે કરેલ છે.

તારીખ ૧૭/૦૯/૨૨,મેડિકલ કેમ્પનો સમય:સવારે ૯.૦૦થી ૨.૦૦ તેમજ ગાયત્રી મહાયજ્ઞનો સમય: બપોરે ૩.૦૦થી ૬.૦૦ સ્થળ:દૂધનાથ મહાદેવ હોલ,વાડજ દૂધેશ્વર પુલ પાસે,વાડજ,અમદાવાદ.

આ પ્રસંગે ઉદ્દઘાટક: માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,મુખ્ય મંત્રીશ્રી,ગુજરાત રાજ્ય,મુખ્ય મહેમાન શ્રીમહેન્દ્રભાઈ શાહ,અતિથિ વિશેષ શ્રી કિરીટભાઈ પરમાર મેયરશ્રી કર્ણાવતી મહાનગર, વિશેષ ઉપસ્થિતિ:માનનીય શ્રીઅમિતભાઈ શાહ અમદાવાદ શહેર પ્રમુખ ભારતીય જનતા પાર્ટી, માનનીય શ્રી નરહરીભાઈ અમીન રાજ્યસભા સાંસદ ગુજરાત રાજ્ય, માનનીય શ્રીમતી ગીતાબેન પટેલ ડેપ્યુટી મેયર શ્રી કર્ણાવતી મહાનગર, માનનીય શ્રીહિતેશભાઈ બારોટ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કર્ણાવતી મહાનગર તથા મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ તથા સંગઠનના મહાનુભાવો ઉપરોકત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# પ્રદીપ સિંહ વાઘેલાએ પવન તોમર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેમના ખબર અંતર પૂછવા શારદાબેન હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી

આ મુલાકાત દરમિયાન મીડિયાને સંબોધતા શ્રી પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું કે યુવા મોરચાના કાર્યકર્તા પવન તોમર ભાજપાના ખૂબ જ પાયાના અને મજબૂત કાર્યકર્તા છે અને વિસ્તારમાં પક્ષનું સોંપેલ કામ ખૂબ નિષ્ઠાપૂર્વક કરે છે તે બાબત આમ આદમી પાર્ટીને સ્વાભાવિક રીતે ગમતી ન હોય તેમ દેશ વિરોધી પ્રવૃત્તિઓ અને ગુજરાતમાં તેમજ સમગ્ર દેશમાં અરાજકતા ફેલાવવાના અનુસંધાને તીક્ષ્ણ હત્યારથી જીવ લઈ લેવાના બદ ઈરાદે હુમલો કર્યો હતો.

શ્રી વાઘેલાએ વધુમાં જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના કાર્યકર્તાઓ તેમજ ભાજપાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આ ઘટના બાબતે જે સંયમ રાખ્યો છે તે ખૂબ અભિનંદનને પાત્ર છે, હિંસા કરવી એ ભારતીય જનતા પાર્ટીના સંસ્કારો નથી, આ સંસ્કારો માત્ર અને માત્ર કોમ્યુનિઝમ વિચારધારા વાળી રાજકીય પાર્ટીઓ ના જ હોય છે અને આ બદલાયેલા નક્સલવાદનું વરવું સ્વરૂપ અર્બન નક્સલવાદ છે જે અંતર્ગત વિદેશી ફંડોનો ઉપયોગ કરીને દેશને તોડવાના અને દેશના યુવાનોને ગુમરાહ કરીને દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરવાની ઘટનાઓ અવારનવાર જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટીના કેજરીવાલની ગુજરાતને બંગાળ બનાવવાની જે મનસા ધરાવે છે તેને ગુજરાતની જનતા અને ગુજરાતનું યુવા ધન ક્યારેય સફળ નહીં થવા દે.

શ્રી પ્રદીપસિંહ વાઘેલાએ આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલને ચેતવતા જણાવ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ના બને તેની તકેદારી રાખવાની જવાબદારી તેમની છે નહીંતર તેના પરિણામો સારા નહીં આવે, સંયમ એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓના સંસ્કાર છે અને એ તેમની તાકાત છે તેને નબળાઈ ના સમજે.

શ્રી પ્રદીપ સિંહજી વાઘેલાએ ગુજરાતના યુવાનોને અપીલ કરતાં જણાવ્યું કે આવા અર્બન નક્સલી કોમ્યુનિસ્ટ વિચારધારા ધરાવતા આમ આદમી પાર્ટીના કલ્ચરથી ગુજરાતના યુવાનો સાવચેત રહે અને આમ આદમી પાર્ટી ક્યાંય રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં આપણો ઉપયોગ ન કરી જાય તે માટે જાગૃત રહેવાની આપણી સૌની સામૂહિક જવાબદારી છે.

રાજકીય પક્ષના કાર્યકર્તા પક્ષ માટે સારું કાર્ય કરતા હોય તેની હત્યા કરવાનું કામ માત્રને માત્ર કોમ્યુનીસ્ટ વિચારધારા વાળી આમ આદમી પાર્ટી જ કરી શકે તે માટે તેમના આ હલકા કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢું છું.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપ સિંહ વાઘેલાએ ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના ગોમતીપુર વોર્ડના પ્રમુખશ્રી પવન તોમર પર કેજરીવાલના ગુંડા તત્વો દ્વારા છરી વડે જે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેમના ખબર અંતર પૂછવા શારદાબેન હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી

કોઈ રાજકીય પાર્ટીના કાર્યકર પર જીવલેણ હુમલો કરવોએ ભારતીય જનતા પાર્ટીના સંસ્કારો નથી, આ સંસ્કારો માત્ર અને માત્ર કોમ્યુનિઝમ વિચારધારા વાળી રાજકીય પાર્ટીઓ ના જ હોય છે અને આ બદલાયેલા નક્સલવાદનું વરવું સ્વરૂપ અર્બન નક્સલવાદ છે.-

શ્રી પ્રદિપસિંહ વાઘેલા

આમ આદમી પાર્ટીના કેજરીવાલ ગુજરાતને બંગાળ બનાવવાની જે મનસા ધરાવે છે તેને ગુજરાતની જનતા અને ગુજરાતનું યુવા ધન ક્યારેય સફળ નહીં થવા દે. –

શ્રી પ્રદિપસિંહ વાઘેલા

અર્બન નક્સલી કોમ્યુનિસ્ટ વિચારધારા ધરાવતા આમ આદમી પાર્ટીના કલ્ચરથી ગુજરાતના યુવાનો સાવચેત રહે અને આમ આદમી પાર્ટી ક્યાંય રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં આપણો ઉપયોગ ન કરી જાય તે માટે જાગૃત રહેવાની આપણી સૌની સામૂહિક જવાબદારી છે. –

શ્રી પ્રદિપસિંહ વાઘેલા

રાજકીય પક્ષના કાર્યકર્તા પક્ષ માટે સારું કાર્ય કરતા હોય તેની હત્યા કરવાનું કામ માત્રને માત્ર કોમ્યુનીસ્ટ વિચારધારા વાળી આમ આદમી પાર્ટી જ કરી શકે તે માટે તેમના આ હલકા કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢું છું.- શ્રી પ્રદિપસિંહ વાઘેલા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપ સિંહ વાઘેલાએ ભારતીય જનતા યુવા મોરચાના ગોમતીપુર વોર્ડના પવન તોમર પર કેજરીવાલના ગુંડા તત્વો દ્વારા છરી દ્વારા જે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેમના ખબર અંતર પૂછવા આજે શારદાબેન હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી હતી.

# અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત ડૉ. રવિભાઈ શાહ ના નિવાસ સ્થાને દર વર્ષ ની જેમ ૨૦૪ વર્ષ પ્રાચિન ગણેશજીની મૂર્તિ ની સ્થાપના થી ઉજવાયો ગણેશ ઉત્સવ



કેલિફોર્નિયા,

કેલિફોર્નિયાના એનાહેમ ટાઉનમાં રહેતા રવિભાઈ અને ભારતીબેન શાહ ના નિવાસ સ્થાને તા.૩જી સપ્ટેમ્બર ના રોજ સાંજે ૪ વાગ્યા થી રવિભાઈ નું મિત્ર મંડળ અને સગા સંબધી ગણેશ ચતુર્થી નિમિત્તે ભેગા થયા હતા.. અત્રે જે ગણેશજી ની મુર્તિ ની સ્થાપના કરવામાં આવેલ છે તે લગભગ ૨૦૩ વર્ષ પ્રાચિન છે.... અને તે ૪ પેઢીથી મુંબઈના જયંતિલાલ વેણિલાલ શાહ પરીવાર ના કુટુંબ માં ગણેશ ચતુર્થી ની ઉજવણી માં આ ગણેશજી ની સ્થાપના કરવામાં આવતી....તેમના પરીવારના ઉષાબેન જયેદ્રભાઈ શાહ,નીલાબેન જયંતિલાલ પરીખ,અને ભારતીબેન કીરીટભાઈ મરચન્ટ સૌ ભેગા મળીને આ પ્રસંગ ઉજવતા આવ્યા છે... હવે છેલ્લા ૪૫ વર્ષ થી અમેરીકામાં ખુબ ઉત્સાહથી આ ઉજવણી કરવામાં આવે છે...

આવખતે ખાસ ૧૨ જયોતિલીંગ પણ દર્શન માટે સ્થાપિત કરવામાં આવેલ આઉજવણી માં ભાગ લેવા તથા દર્શન માટે રવિભાઈના ફ્રેન્ડ સર્કલની સાથે તેમના કુટુંબી ગ્રાન્ડ પુત્ર-પુત્રી વગેરે એ ખૂબ સુંદર ભાવ ગીત અને સ્પીચ રજૂ કરી હતી તથા આજના ખાસ મહેમાનો માં રવિભાઈ ના જુના મિત્રો તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી સુરુ માણેક વગેરે એ ખાસ હાજરી આપી હતી .. આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ જોષી ( ભૂતપુર્વ રેડીયો કલાકાર )નાદુરસ્ત તબિયત હોવા છતાં ડોક્ટર ફેમિલી ના આગ્રહને લઈને ખાસ હાજર રહ્યા હતા. આજના આ કાર્યક્રમમાં ભજન-કિર્તન નો કાર્યક્રમ રાખવામાં આવેલ...જેમાં શ્રી કિર્તિભાઈ અને રેખાબેન દવે, વગેરે એ ખૂબ સુંદર ગીત-ભજન રજુ કર્યા હતા અને તબલા પર સંગત શ્રી ગોપાલભાઈ શ્રોફ એ આપેલ તથા ઢોલક અને મંજીરા પર વિજય જોષી અને પ્રકાશ પંચોલી અને જગદિશ પુરોહિત હતા ... આ કાર્યક્રમ માં લગભગ ૭૫ થી વધુ ભાવિકોએ આ પ્રસંગે દર્શન અને પ્રસાદ નો લ્હાવો લીધો હતો.

(માહિતી અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# ચૂંટણી પહેલા દૂધ સાગર ડેરીના ચેરમેન રહી ચુકેલા વિપુલ ચૌધરીની ધરપકડ

મહેસાણા,તા.૧૫

રાજયમાં આગામી ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણીને ગણતરીના મહિનાઓ બાકી છે, ત્યારે દૂધસાગર ડેરીના નાણાંકીય ગોટાળા સંદર્ભે ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે દ્વારા ધરપકડ કરવામાં આવતાં રાજકીય હડકંપ મચી જવા પામ્યો છે. ગત મોડીરાત્રે રાત્રે ધરપકડ કરવામાં આવી છે. દૂધ સાગર ડેરીના ૩૨૦ કરોડના નાણાકીય ગોટાળા સંદર્ભે આ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ૧૭ બેનામી કંપનીઓ ઊભી કરીને ઉક્ત રકમ બારોબાર ટ્રાન્સફર લેવાઈ હોવાના ગંભીર આક્ષેપો કરાયા હતા. જેને લઈને મહેસાણા એસીબીમાં ફરિયાદ પણ નોંધાઇ હતી. જેને લઈને વિપુલ ચૌધરી અને તેમના ઝછની અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમને છઝમ્ને સોંપવામાં આવશે.

મહેસાણા એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના (સીઆર નં. ૫/૨૦૨૨) સંદર્ભે આઈપીસીની કલમો ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની ૧૨, ૧૩(૧), ૧૩(૨)ની કલમો હેઠળ અટકાયત કરવામાં આવી છે. પૂર્વ ગૃહમંત્રીની અટકાયત રાજયનુ રાજકારણ ગરમાયુ છે.

વિપુલ ચૌધરી અગાઉ દૂધ સાગર ડેરીના ચેરમેન રહી ચૂક્યા છે. આ દરમિયાન નાણાકીય વ્યવહારોને ગેરરીતિ કરવામાં આવાની મહેસાણા એસીબીમાં ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ ફરિયાદને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસમાં આદરવામાં આવી હતી. જેમાં ૩૦૦ કરોડનું કૌભાંડ થયું હોવાનું સામે આવ્યું હતું. જેથી વિપુલ ચૌધરી અને તેના પી.એ સામે કડક પગલાં ભરીને બંનેની ધરપકડ કરવામાં આવી હતી. ગાંધીનગરમાં આવેલા તેફાર્મ હાઉસમાં ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ પહોંચ્યા હતા. અધિકારીઓ ખાનગી ગાડીમાં અને સાદા કપડામાં આવી તેઓની ધરપકડ કરી હતી. ત્યારબાદ વિપુલ ચૌધરી અને તેમના પી.એ શૈલેષ પરીખને એસીબી ઓફિસે લઈ જવામાં આવ્યા હતા. આ કૌભાંડ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ વિપુલ ચૌધરીને જેલ થઈ હતી.ઉલ્લેખનીય છે કે અગાઉ ૨૦૨૦માં પણ બનાસ ડેરીમાં ૧૪.૮૦ કરોડના બોનસ કૌભાંડમાં વિપુલ ચૌધરીની ધરપકડ થઈ ચૂકી હતી. નોંધનીય છે કે વિપુલ ચૌધરી ૨૦૧૪માં દૂધસાગર ડેરીના વડા હતા પરંતુ પછી ભ્રષ્ટાચારના આરોપોને કારણે અમૂલ અને દૂધસાગર બંનેમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

# મનુભાઈ મીરાણી સંચાલિત 'શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિ:શુલ્ક)' દ્વારા રઘુવંશી યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોકટર્સ, સી.એ., એન્જીનીયર, ફોરેન ગ્રુપ માટે હાયર એજયુકેશન પરીચય મેળો'

## સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૫૦૦ થી ૬૦૦ લગ્નોત્સુક ભાગ લેશે



રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૧ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે નિ:શુલ્ક 'રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર' ચલાવવામાં આવે છે. મનુભાઈ મીરાણી સંચાલિત 'શ્રીરઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિ:શુલ્ક)' દ્વારા યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોકટર્સ, સી.એ.,એન્જીનીયર, ફોરેન ગ્રુપ તેમજ હાયર એજયુકેશન પરીચય મેળોનું આયોજન તા.૦૨/૧૦/૨૦૨૨, રવીવારનાં રોજ સાંજે ૪-૦૦ થી ૧૦–૦૦ કલાક સુધી મેચીંગ વર્ષના ગ્રુપ પ્રમાણે કરાયું છે. ઉંમરના મેચીંગ ગ્રુપ પ્રમાણે દરેક ઉમેદવારને ઓનલાઈન પી.ડી.એફ. ફાઈલ વ્હોટસએપમાં મળી જશે.પી.ડી.એફ. ફાઈલ તૈયાર કરવાની હોવાથી રજીસ્ટ્રેશનતા.૨૭/૦૯/૨૦૨૨ સુધીમાં કરી દેવું ફરજીયાત છે.×શ્રી રઘુવંશી પંસદગી સમારોહ×ની વિશેષ માહિતી માટે અને વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪૬૬૬૬૩), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), જયેશભાઈ જીવાણી (મો.૯૮૨૫૬ ૬૮૨૨૦), સંજયભાઈ કક્કડ (મો.૯૮૨૪૦ ૪૩૭૯૯) પર સંપર્ક કરવો. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૫૦૦ થી ૬૦૦ લગ્નોત્સુક હાયર એજયુકેશનવાળા રઘુવંશી યુવકયુવતીઓ ભાગ લેશે.

# ત્રિલોકીનાથ વિષ્નુ મંદિર વિવાદ: કૌભાંડીઓ અને સાગરીતો સામે ગુનો દાખલ કરવા કોર્ટનો હુકમ

હિંમતનગર,તા.૧૫

લાખો શ્રધ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર અને મહત્વના ઐતિહાસીક તિર્થસ્થાન ગણાતા શામળાજીના ત્રિલોકીનાથ વિષ્નુ મંદિરના વહિવટમાં ગેરરીતીઓ આચરી લાખો રુપીયાનું કૌભાંડ આચરવાના સનસનીખેજ પર્દાફાશ થતાં લાખો લોકોમાં ખળખળાટ મચી ગયો હતો.આ અંગે ફરિયાદી પક્ષ તરફથી જુગલ ઉપાધ્યાએ એઆરલાઇન ન્યુઝને આપેલી માહિતી અનુસાર કોર્ટમાં રજુ કરાયેલા પુરાવાઓ ધ્યાનમાં લઈ કૌભાંડના સુત્રધાર પ્રફુલ ઉપાધ્યાય અને તેના સાગરીતો સામે છેતરપીંડી.ઠગાઈ, ઉચાપત અને કાવતરું રચવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો છે.

આ અગે ફરિયાદી પક્ષ તરફથી જુગલ ઉપાધ્યાએ એઆરલાઇન ન્યુઝને આપેલી માહિતી અનુસાર કોર્ટમાં રજુ કરાયેલા પુરાવાઓ ધ્યાનમાં લઈ કૌભાંડના સુત્રધાર પ્રફુલ ઉપાધ્યાય અને તેના સાગરીતો સામે છેતરપીંડી.ઠગાઈ, ઉચાપત અને કાવતરું રચવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો છે. તેમણે કહ્યું કે નવનિયુક્ત સેક્રેટરી દ્વારા ટ્રસ્ટના હિસાબોની ચકાસણી કરતાં લાખો રુપીયાનું કૌભાંડ બહાર આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

# ભારતના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી દ્વારા BLO પત્રિકાનું ઈ-વિમોચન કરવામાં આવ્યું

ગાંધીનગર ,

ભારતમાં મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ માટે સંકલ્પબદ્ધ ભારતના ચૂંટણી પંચ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે. જેના ભાગરૂપે દિલ્હી ખાતેથી ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર દ્વારા BLO ઈ-પત્રિકાનું વર્ચ્યુઅલ વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી કમિશનર શ્રી અનુપ ચંદ્ર પાંડે, ભારતના ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વિવિધ રાજયોના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીઓ અને બુથ લેવલ ઑફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ખાતેથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતી, અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી આર.કે. પટેલ, સંયુક્ત નિયામકશ્રી મનિષ પંડ્યા, અધિક કલેક્ટરશ્રી રિક્રેશ પટેલ તથા રાજ્યના વિવિધ જિલ્લાઓના બુથ લેવલ ઑફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હી ખાતેથી BLO પત્રિકાના વિમોચન કાર્યક્રમમાં ચૂંટણી પંચના સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનરશ્રી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, અલગ અલગ સ્કેલ અને ડાયવર્સિટીને સમાવતી આ ઈ-પત્રિકા દેશભરમાં કાર્યરત બુથ લેવલ ઑફિસર્સને એક પ્લેટફોર્મ પર લાવવાનું મહત્વનું પ્લેટફોર્મ સાબિત થશે.આ પ્રસંગે દિલ્હી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત દિલ્હી, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા મેઘાલય, તમિલનાડુ, હિમાલચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને ગુજરાતના બુથ લેવલ ઑફિસર્સ દ્વારા ભારતના ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીશ્રીઓ સમક્ષ કામગીરી દરમ્યાનના પોતાના અનુભવો તથા પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.પોતાના પ્રતિભાવ વ્યક્ત કરતાં વડોદરાની માંજલપુર વિધાનસભા મતવિસ્તારના BLOસુશ્રી સુહાસિની પટેલે જણાવ્યું કે, મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારમાં આવેલી સોસાયટીઓના પ્રમુખ તથા હોદ્દેદારોનો સંપર્ક મદદરૂપ સાબિત થયો. સોસાયટીઓના વૉટ્સએપ ગૃપમાં સામેલ થઈ મતદારયાદી સુધારણા, વૉટર્સ હેલ્પલાઈન ઍપનો ઉપયોગ અને ૢ્ઢમતદારોને મળતી સુવિધાઓ સહિતની જાણકારી અને માર્ગદર્શન આપવાના કારણે કામગીરી વધુ સરળતાથી થઈ શકી. ર્ને્શ્રીએ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સુચના અનુસાર ૮૦ વર્ષ કે તેથી વધુ ઉમર ધરાવતા વરિષ્ઠ મતદારોને કૃતજ્ઞતા પત્ર અર્પણ કર્યાની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.ઈલેક્શન કમિશનરશ્રી અનુપ ચંદ્ર પાંડેએ જણાવ્યું હતું કે, આ પત્રિકા પેપરલેસ છે, જેના કારણે તેનો વ્યાપ વધશે. આ થ્રી વે કમ્યુનિકેશન છે. જેમાં BLOમાટે ચૂંટણી પંચના આદેશોનો ઉલ્લેખ હશે, સાફલ્ય ગાથાઓ અને ફિડબેક માટેનું પ્લેટફોર્મ પણ છે તથા દેશના વિવિધ ભાગોમાં કામગીરી દરમ્યાન સર્જાતી સમસ્યાઓને BLO એ કઈ રીતે હલ કરી તેનો પણ ઉલ્લેખ હશે જે અન્ય BLO શીખી શકશે એટલે કે આ ઈન્ટરલર્નિંગ પ્લેટફોર્મ પણ છે. પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ થનાર આ ઈ-પત્રિકા રિસીવ, ટ્રાન્સમીટ, ઈન્ટરએક્ટ અને રિસ્પોન્ડ જેવા મહત્વના પાસાઓને સમાવી લે છે.

# રક્તદાનના નવા વિશ્વ વિક્રમ તરફ વધતો અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ

## (મેગા બ્લડ ડોનેશન ડ્રાઇવ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨)

અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ, વિશ્વની સૌથી મોટી રક્તદાતા સંસ્થા, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ રક્તદાન અભિયાન 'મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ' (MBDD) દ્વારા 'રક્તદાનનો નવો ઈતિહાસ' રચવા માટે આગળ વધ્યું છે.MBDD ના સલાહકાર શ્રી મુકેશ ગુગલિયાએ જણાવ્યું કે અમારો લક્ષ્યાંક દેશ અને વિદેશમાં પ્રવાસી ભારતીય નાગરિકો દ્વારા આશરે ૨૦૦૦ રક્તદાન શિબિરોનું આયોજન કરીને અંદાજે ૧,૫૦,૦૦૦ યુનિટથી વધુ રક્તદાન મેળવવાનો છે.સંસ્થાએ પૂર્વ માં પણ ૨૦૧૨ અને ૨૦૧૪ માં એક લાખ થી વધુ રક્ત યુનિટ એકત્રિત કરી ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માં પોતાનો નામ દર્જ કરાયો છે.

પ્રમુખ શ્રી અરવિંદ સંકલેચાએ જણાવ્યું કે, તેરાપંથ યુવક પરિષદ, સ્મ્ઢ્ઢ હેઠળ, અમદાવાદ અને અમદાવાદની આસપાસના વિસ્તારોમાં ૬૦ થી વધુ સ્થળોએ રક્તદાન શિબિરોનું આયોજન કરી રહી છે. મંત્રી શ્રી દિલીપ ભણસાલીએ રક્તદાનમાં બિનજરૂરી વિલંબને ટાળવા માટે ૧૭મી સપ્ટેમ્બરના રોજ રક્તદાન દિવસે હાજર રહેવા અન www.eraktakosh.in પર હમણાં જ પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છુક રક્તદાતાઓને વિનંતી કરી છે.

MBDD ના મુખ્ય સંયોજક રાજેશ ચોપરાએ જણાવ્યું હતું કે શિબિરના આયોજનમાં JITO, મસ્કતી કપડ મહાજન, લાયન્સ ક્લબ, રાજસ્થાન હોસ્પિટલ વગેરે જેવી ઘણી સંસ્થાઓનો સહયોગ મળી રહ્યો છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે અમે ન્યૂ ક્લોથ માર્કેટ, સુમેલ બિઝનેસ પાર્ક, સિટી સેન્ટર, જેવા ધંધાકીય સ્થળોએ એલ . જે. યુનિવર્સિટી , જીએલએસ અને નવકાર ઈન્સ્ટિટ્યૂટ જેવી શૈક્ષણિક સંસ્થાઓ અને અરવિંદ લિ., જિંદાલ વર્લ્ડવાઈડ લિ., લેન્ડિંગકાર્ટ વગેરે જેવી કોર્પોરેટ સંસ્થાઓમાં કેમ્પ કરી રહ્યા છીએ. આ કેમ્પ દ્વારા ૭૦૦૦ યુનિટથી વધુ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક છે.

તેરાપંથ યુવક પરિષદ, અમદાવાદની ટીમમાં ૧૨૦૦ થી વધુ સભ્યો સામેલ છે. અને નિયમિત ધોરણે તેના સલાહકારો, ભૂતપૂર્વ પ્રમુખો તેમજ જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, તેરાપંથ મહિલા મંડળ, તેરાપંથ પ્રોફેશનલ ફોરમ, અણુવ્રત સમિતિ અને તેરાપંથ કિશોર મંડળ જેવી અન્ય સંઘીય સંસ્થાઓ નું મહત્વપૂર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે.

પ્રેષક : તેરાપંથ યુવક પરિષદ, અમદાવાદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK